**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા(કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી. ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : ૩૨૯૦૫૦૭

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય | તંત્રીશ્રી | ૩ |
| આત્માનો અનુભવ કરવા વૃત્તિઓને ઓળખો | સ્વામી વિવેકાનંદ | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૫ |
| સ્વર્ગારોહણમાં સત્કર્મોનું સપ્તાહ | શ્રીરાજુભાઇ જાની | ૧૦ |
| **Maa Sarweshwari** | **Gargi–U.S.A.** | ૧૯ |
| મા સર્વેશ્વરી | અનુવાદ : નારાયણ હ. જાની | ૨૪ |
| પ્રેરણાત્મક પ્રસંગો | તંત્રી | ૩૦ |
| પતિતામાંથી પતિતપાવની બનેલી હરિદાસી | નારાયણ હ. જાની | ૩૬ |
| સુવર્ણચંદ્રક એનાયત સમારોહ | ડો. બી. જે. જાગાણી | ૪૧ |
| નાગા જોગિયા | ભક્ત સત્સંગી | ૪૨ |
| નિત્ય નોંધ | મા સર્વેશ્વરી | ૪૮ |
| નેપાળી બાબા | ભાણદેવજી | ૫૭ |


**ભક્તિસુધા**

માન અને અપમાનને, સમ માની રહું શાંત;
મિત્ર–શત્રુને સમ ગણી, સદા રહું નિર્ભ્રાંત. ૫૦
શુભ નિશ્ચય દૃઢ રાખીને, રહું હું સદા અસંગ;
પ્રિયતમ પ્રભુના દર્શથી, વિકસું અંગેઅંગ. ૫૧
અંતરબાહર ભાળતાં, પ્રભુનું સુંદર રૂપ;
શાંતિ આવો અતિઘણી, ઉપજો સુખ અનુપ. ૫૨
રતિ કામીની સ્ત્રી વિષે, રતિ લોભીની દામ;
રતિ એવી મુજને કદા, તમમાં થાશે શ્યામ? ૫૩

(મહારાજશ્રીનથુરામશર્મા)

# સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય

કેનેડાના ટોરન્ટો શહેરમાં ૧૯૮૧ થી શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રની જ્યોત્ ભક્તદંપતી શ્રી સુરેશભાઇ શાહ, શ્રીમતી વિમળાબેન શાહે પ્રગટાવી છે. આજે તો તે દિનપ્રતિદિન વધુ ને વધુ પ્રકાશિત થઇ રહી છે.

અતિનિયમિત સત્સંગ, અતિનિયમિત આરતી અને કેન્દ્રના સૌ સભ્યોની નિયમિત હાજરી અને પોતાના આંગણે સત્સંગ રાખીને અપાતી ભેટ અને વિશેષ દિવસોમાં આવતી ભેટ. બધું જ નોંધપાત્ર છે.

એ કેન્દ્રના સર્વ ભાઇબેનોની શુભેચ્છાનો શ્રી-લક્ષ્મીજીનો પ્રસાદ અધ્યાત્મને પણ પ્રાપ્ત થયો છે, તેનો આનંદ છે.

આ માસના અધ્યાત્મનો સંપૂર્ણ પ્રકાશન ખર્ચ એ કેન્દ્ર ઉપાડી રહ્યું છે.

ધન્યવાદ, હે ધ્યાનકેન્દ્ર, ધન્યવાદ કેન્દ્રના સૌ ભાઇબેનોને, ધન્યવાદ હે ભક્તદંપતી સુરેશભાઇ શાહ અને વિમળાબેન શાહને.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટનું આ પ્રકાશન જીવન-ભર આપ સૌના હાથમાં સુરક્ષિત રહો એ જ પ્રાર્થના.

– તંત્રીશ્રી



# આત્માનો અનુભવ કરવા વૃત્તિઓને ઓળખો

આત્માનો સાક્ષાત્કાર કરવો એ જ આપણા જીવનનું અંતિમ લક્ષ્ય છે; એ વાતનું તો તમારે કદી વિસ્મરણ થવા ન દેવું જોઇએ. આપણે આત્માનો અનુભવ નથી કરી શક્તા, તેનું કારણ એ છે કે તે પ્રકૃતિ, શરીર અને મનની સાથે સેળભેળ થયેલો છે. જેઓ સંપૂર્ણ અજ્ઞાની છે તેઓ તો પોતાના દેહને જ આત્મા માની લે છે. તેમના કરતાં જેઓ કંઇક આગળ વધેલા છે, તેઓ મનને આત્મા સમજે છે. પણ બેઉ ભ્રમમાં ગોથાં ખાય છે. આ બધી ઉપાધિની સાથે આત્મા સેળભેળ થઇ ગયો તેનું કારણ શું? ચિત્તની અંદર જે નાના પ્રકારના તરંગ ઉત્પન્ન થાય છે, તેના વડે આત્માની આસપાસ આવરણ બંધાય છે. આપણે કોઇ કોઇ વાર એ તરંગની અંદર નજર નાંખીએ તો એ આત્માના કિંચિત્ પ્રતિબિંબનું જ દર્શન કરી શકીએ છીએ. જ્યારે ક્રોધરૂપી વૃત્તિનું મોજું ચિત્તમાં ઉત્પન્ન થાય છે, ત્યારે આપણને આત્મા ક્રોધરૂપે દેખાય છે, ને આપણે કહીએ છીએ કે ‘હું ગુસ્સે થયો છું .’ જ્યારે પ્રેમનું મોજું ઉત્પન્ન થાય ત્યારે પ્રેમના તરંગમાં આપણે પ્રેમ કરીએ છીએ, એમ અનુભવીએ છીએ. પરંતુ આપણે આ બધાથી જુદા છીએ આપણે તત્ત્વતઃ આત્મસ્વરૂપ છીએ કેવળ વૃત્તિ સારૂપ્યથી આવું અનુભવીએ છીએ.

સ્વામી વિવેકાનંદ

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૧ ફેબ્રુઆરી—૨૦૦૯ અંક ૫

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૨૫—૧—૮૨ સોમવાર પોષ સુદ એકમ ૨૦૩૮**
**સ્થળ : 'પરિમલ', ૪૦ બી, રીજરોડ, મુંબઈ.**

સવારે પૂ. શ્રી સ્નાન કર્યા બાદ ધોવાનાં કપડાં ઘડીવાળીને નીચે જમીન ઉપર એક બાજું મૂકી દે છે. પછી ૧૫ મિનીટ શીર્ષાસન, ૮૧ બેઠકો, ૪૦ દંડ સહિત જુદી જુદી કસરતો પૂ. શ્રી કરી લે છે. પછી લેખનકાર્ય શરૂ કરી દે છે. સર્વેશ્વરી પણ લેખનકાર્ય કરવા બેસે છે.

પોણાબાર વાગ્યે પૂ. શ્રી નીચે ઉતરે છે ત્યારે ભોજન પણ લઈ લેવાનું બને છે. ભોજન બાદ મુલાકાત શરૂ થાય છે.

શ્રી હરિલાલ ડ્રેસવાળા પૂ. શ્રીને મળે છે. થોડી વાતો થાય છે. ત્યાં આજે ત્રણ જૈન સાધ્વીજીઓ પૂ. શ્રીને મળવા આવે છે. તેઓ પારલાથી ગઈ રાત્રે ચાલતાં નજીકના દેરાસરમાં આવી ગયાં હતાં.



શ્રી મોક્ષરત્નાજી સાધ્વીજીએ પ. શ્રીના પુસ્તકો વાંચ્યાં છે. જેથી ચારેક વર્ષથી તેઓ પૂ. શ્રીને મળવા માંગતા હતાં પરંતુ તેઓને પોતાના નિયમ પ્રમાણે ચાલતા જ આવવાનું એટલે આટલા વર્ષે મળવાનું બન્યું. તેમનો નિયમ પથ્થર ઉપર જ આસન મૂકીને બેસવાનો હોવાથી પૂ. શ્રીની બેઠક તેમની પાસે લાવવામાં આવી છે.

તેમણે પ્રશ્નો પૂછવાની શરૂઆત કરી નથી ત્યારે જ ખ્યાલ આવી ગયો કે ખૂબ સહજભાવે સંકોચ વિના પ્રશ્નો પૂછાશે અને તે વાત સાચી ઠરી.

પ્રશ્નઃ—આસનોની જરૂર શરીરને ક્યાં સુધી રહે છે?

પૂ. શ્રીઃ—જ્યાં સુધી શરીરને ખોરાકની જરૂર છે ત્યાં સુધી આસનોની પણ જરૂર છે. જેમ ખોરાકમાંથી શરીરને પોષણ મળે તે રીતે આસનોથી શરીરને સ્વસ્થતા મળે છે. માટે પોષણ ને સ્વાસ્થ્ય માટે ખોરાક ને આસનોની જરૂર છે.

પ્રશ્નઃ—ઉપવાસ દરમ્યાન આસનો બંધ રાખવાં?

પૂ. શ્રીઃ—હા. પાણી ઉપર ઉપવાસ હોય ત્યારે બંધ રાખવાં.

પ્રશ્નઃ—આપ હિમાલયમાં ક્યા સ્વરૂપનું ધ્યાન કરતા?

પૂ. શ્રીઃ—હું કોઈપણ રૂપ કે કોઈપણ મંત્રનું ધ્યાન ન ધરતો. આંખ મીચીને બેસું, એટલે જ સંકલ્પ વિકલ્પ વિનાની અવસ્થા સહજ બની જતી.

પ્રશ્નઃ—આપ સમાધિ કોઈને આપી શકો છો ખરા?

પૂ. શ્રીઃ—સમાધિ કોઈને કરાવવી કે આપવી યોગ્ય નથી. ભૂમિકા વિના તે સમાધિને આપીએ તો પણ તે શું કરશે? કોઈને આપણે ૫૦ પાઉન્ડ આપીએ પણ તેની ભૂમિકા જ ન હોય તો તે પૈસાને બરબાદ કરશે.

હું સાધના કરતો ત્યારે મને પણ ઘણા કહેતા કે પેલા સમાધિ કરાવે છે ત્યાં તેની પાસે જાઓ. પણ હું હંમેશા એમ જ કહેતો—પ્રભુ તમે જ મને ધીરે ધીરે આગળ લઇ જાઓ ને? ભલે થોડી વાર લાગે.

પણ કોઇકનું ઉછીનું ધન ક્યાં સુધી ચાલે? સમાધિ કરી શકો તે માટેના સાધનો તે માટેનું માર્ગદર્શન આપીએ.

પ્રશ્ન:—મારા જીવનનું જે ધ્યેય છે તેને સિદ્ધિ કરવા કેટલો સમય લાગશે?

પૂ. શ્રીઃ—તમે બોમ્બે સેન્ટ્રલથી અહીં આવતાં તમે જેટલી ઝડપથી ચાલો એટલા જ જલ્દી અહીં આવી શકોને? તેમ તમે જેટલા ઝડપથી સાધના માર્ગે અભ્યાસ કરો તેટલું તે ધ્યેય નજીક આવે.

પ્રશ્ન:—તો પછી નિયતિનો શો અર્થ?

પૂ. શ્રીઃ—જેમ જેમ આપણો પુરુષાર્થ વધે તેમ તેમ નિયતિ પણ ફેરવાય છે. તમે એમ જ માનો કે નિયતિ એમ જ છે કે તમે વહેલામાં વહેલી તકે આત્મસાક્ષાત્કાર કરી શકશો અને એમ માની તમે પુરુષાર્થ વધારો.

પ્રશ્ન:—કાયાકલ્પ કેવી રીતે થાય? તે આસન ને પ્રાણાયામથી થઇ શકે?

પૂ. શ્રીઃ—કાયાનો કલ્પ કરતાં મનનો કલ્પ કરવાનો છે. મનને બદલી નાંખો. મનને પ્રભુમય કરી દો. આત્મભાવવાળું મન થઇ જાય તો આનંદ જ આનંદ થઇ જાય. સાત્ત્વિક આહાર, ઉત્તમ ભાવ ને વિચારવાળુ મન, પ્રભુ સ્મરણવાળુ મન તો મનનો કલ્પ થાય એટલે થયું.

પ્રશ્ન:—મનની સાધના માટે અન્ન પવિત્ર જોઇએને?



પૂ. શ્રીઃ—સાધનાની શરૂઆતમાં સાત્ત્વિક અન્ન જ જરૂરી છે. તમારે તો ભિક્ષાનો નિયમ એટલે એમાં પણ જે ભિક્ષા તમે લાવો તે પછી પ્રભુને અર્પણ કરો ને? તેને પ્રસાદ માની ખાઓ તો તે અન્ન સાત્ત્વિક થઇ જશે.

પ્રભુ તમારે જેવું અન્ન જોઇએ છે તેવા ઘરે જ ભિક્ષા માટે લઇ જશે. એની ચિંતા ના કરશો.

પ્રશ્ન:—મારી પ્રેરણાથી એક જૈન દેરાસર બંધાવવાનું છે તે બંધાશે કે નહીં?

પૂ. શ્રીઃ—એ બધી ચિંતા આપણે શા માટે કરવાની? આપણે તો ત્યાગ કર્યો. તો પ્રભુને જ હવે યાદ કરો. દેરાસર થાય તો પણ શું ને ન થાય તો પણ તમારે શું? અંતરંગ સાધના વધારો.

આજે પૂ. શ્રીએ તેમને લગભગ ૨ાા કલાક સુધીનો સમય આપ્યો, જેમાં વિવિધ વાતોની ચર્ચા થઇ. જૈન સાધ્વીજીઓને ખૂબ સંતોષ થઇ ગયો. ફરી પણ મળવાનું થાય એવી ઇચ્છા વ્યક્ત કરી. તે સૌએ વિદાય લીધી.

સર્વેશ્વરી આજે બહાર થોડું કામ હોવાથી શહેરમાં જાય છે.

સાંજે પ્રશ્નોત્તરી થઇ. આજે પૂ. શ્રી છ થી નવ ત્રણ કલાક સુધી મુલાકાત આપે છે.

જેમાં નીચેના પ્રશ્નોની ચર્ચા થઇ.

(૧) રાત્રે બાર થી ત્રણ સિદ્ધ પુરુષો વિચરણ કરે છે ખરા?

(૨) ધ્યાન કેવી રીતે કરવું?

(૩) અવ્યક્તનો વિચાર કરતાં ગભરાટ થાય છે તો શું કરવું?

(૪) મનને સમજાવ્યા છતાં મન પાપ તરફ જ ગતિ કરે છે.

(૫) સાત્ત્વિક આહાર માટે શું કરવું?

(૬) આહારની માત્રા કેટલી રાખવી?

(૭) આહારમાં મીઠાનું શું મહત્ત્વ?

આટલા પ્રશ્નોની ચર્ચા વિચારણા બાદ પૂ. શ્રીએ નોંધપોથીનો એક દિવસ વાંચી સંભળાવવા સર્વેશ્વરીને સૂચના આપી, જેથી સર્વેશ્વરી તે નોંધપોથી વાંચે છે.

ત્યારબાદ ફરી પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

પ્રશ્નઃ—૧. સાચા સંતોને કેવી રીતે ઓળખવા? ૨. મન સુક્ષ્મ ક્યારે થાય? ૩. ધ્યાન કરતાં ઉંઘ આવે તો શું કરવુ?

પ્રશ્નોત્તરી બાદ સર્વેશ્વરીએ બે ભજનો ગવડાવ્યાં. ત્યારબાદ પૂ. શ્રીએ વિદેશયાત્રા અંગે સર્વેશ્વરીને બે ત્રણ પ્રશ્નો પૂછ્યા. જેના ઉત્તરોમાં સર્વેશ્વરીએ વિદેશયાત્રા દરમ્યાનના બે ત્રણ પ્રસંગો કહી સંભળાવ્યા.

મુંબઈવાસીઓને વધુ લાભ મળે એ હેતુથી ૬ થી ૯ ત્રણ ત્રણ કલાક સુધી દરરોજ સત્સંગની બેઠક થઈ. પ્રેમી ભાઈબહેનોએ એ લાભ પણ લીધો.

સત્સંગ બાદ સૌએ પ્રણામ કરી વિદાય લીધી. આજે સત્સંગમાં ખેડબ્રહ્માના અંબાજીના મંદિરનાં શ્રીજીવીબેન પ્રજાપતિ પણ મળ્યાં. તે બેન પૂ. શ્રીને ઘણા વરસોથી મળે છે. સરોડા પણ તે બેન જઈ આવ્યાં છે. તેમણે સર્વેશ્વરીને કહ્યું ‘‘મારે પણ બાપુજીની (પૂ. શ્રી યોગેશ્વરજીની) સેવામાં રહેવાની ઈચ્છા હતી, પણ અમારાં ભાગ્ય ક્યાંથી?

સૌએ વિદાય લીધી, પૂ. શ્રીએ ફક્ત દૂધ પીને આરામ કર્યો.

હરિ ૐ



# સ્વર્ગારોહણમાં સત્કર્મોનું સપ્તાહ

વિગતો : રાજુભાઈ જાની
રજુઆત નારાયણભાઈ

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના આગમનથી જ અંબાજીના સ્વર્ગારોહણમાં જાણે નવી ચેતના આવી જાય છે. સાધકોનું આગમન પણ શરૂ થાય છે, તો વિદેશથી આવેલા ભક્તો પૂ. માને વિનંતી કરતાં કહે છે કે હે મા, અમે આવ્યા છીએ, તો અમને કોઈ સત્કર્મો કરવાની તક આપો.

સ્વર્ગારોહણમાં કેટલાક સાધકભાઈઓ એવા છે કે જે અંબાજી આસપાસનાં અંદરના ભાગમાં આવેલ ગામોના ગરીબ પરિવારો અંગેની તપાસ કરતા જ રહે છે. સાથે સાથે અહીં અંદરના ગ્રામ્ય વિસ્તારની આદિવાસી પ્રાથમિક શાળાના અત્યાર સુધી કોઈ પણ પ્રકારની સહાયથી વંચિત રહેલાં બાળકોને શિયાળાની ઠંડીમાં ગરમ સ્વેટર, ટોપી, દફતર—પ્રસાદ વગેરે આપવાની પ્રવૃત્તિ શરૂ થઈ જાય છે.

### તા. ૨૩—૧૨—૨૦૦૮ : પ્રથમ દિવસ

અહીં સત્કર્મોનું સપ્તાહ શરૂ થયું છે. તા. ૨૩—૧૨—૦૮ નો દિન આ સપ્તાહના પ્રારંભનો દિન છે. આ સપ્તાહ છે પરંતુ અહીં કોઈ ભાગવત, દેવીભાગવત કે રામાયણની કથાનું વાચન થવાનું નથી કે અહીં કોઈ શાસ્ત્રી કે ભાગવતાચાર્ય કથા કરવાના નથી. અહીં તો છે સત્કર્મોનાં પ્રણેતા મા શ્રી સર્વેશ્વરી—જેમને લગભગ છેલ્લાં બાર વર્ષથી મૌન છે. તો અહીં આવેલ સાધકો કોઈ શ્રોતાઓ નથી. તેઓ તો આવ્યા છે અહીં યોજતા સત્કર્મોમાં

પોતાનાથી થાય તેવો શ્રમ ધરવા કે નાના નાના સત્કર્મોમાં આર્થિક સહયોગ ધરવા.

આજના સત્કર્મનો પ્રારંભ વિદેશમાં વસી અભ્યાસ કરતાં ભાઈબહેન—પાર્થ અને પૂજાથી થઈ રહ્યો છે. તેઓ બંન્ને બાળકો પૂ. મા શ્રી સર્વેશ્વરીના મોટા બેનના પરિવારનાં છે. તેમના આર્થિક સહયોગથી આજે અહીં ૧૦૮ ગરીબ અને અપંગ—અસહાય આદિવાસી ભાઈબેનોને બાજરી કી. ૨૦, મગ કી. ૫, ગરમ ધાબળો ને ટુવાલ, કથરોટ અને શેત્રંજી, ચીકી તથા બુંદી—ગાંઠિયા ઉપરાંત પ્રવાસ ખર્ચના રૂા. ૫૦ દરેકને, કારણ તેઓ અહીંથી ત્રિસેક કિલોમીટરની દૂરી પર આવેલ દલપુરા, કુકડી, સામૈયા, રણુકા, ખેરમાળ, મોટા પિપોદરા વગેરે ગામોથી આવેલ છે.

વિશેષમાં આ લોકોને શ્રી ગુલાબબેન તરફથી વાટકો, કુસુમબેન તરફથી બીસ્કીટ, અનંતભાઈ તરફથી રૂા. ૫૦, શરણ સ્નેહા તરફથી ચમચી વગેરે આપવામાં આવ્યાં.

મોટાભાગે આ ગરીબ લોકો આટલું બધું એકસાથે ઊંચકી બહાર લઈ જઈ ના શકે. તો સાધક ભાઈબહેનો તેમને મદદરૂપ બની તેમની વસ્તુઓ સાથે, તેમના વાહનસુધી પહોંચવામાં સહાયરૂપ બને.

પૂ. માની ઉપસ્થિતિમાં જ દાતાના સ્વહસ્તે જ આ બધું અપાય અને તે પણ પ્રણામ કરીને જાણે દરિદ્રનારાયણ સ્વરૂપે પ્રભુ પોતે જ આવેલા છે—આપણને સત્કર્મનું પુણ્ય ધરવા એવા ભાવથી.

### તા. ૨૪—૧૨—૦૮ : બીજો દિવસ

આજના સત્કર્મ માટે આર્થિક સહાય ધરનાર બેનો છે



અર્પિતા અને રક્ષિતા—સમિત. તેઓ તરફથી બાજરી અને કઠોળ, તેમ જ બુંદી—ગાંઠિયા, શ્રી દમયંતીબેન તથા પુત્રી જયુ તરફથી કથરોટ અને શેત્રંજી, પરમાર્થી પરિવાર તરફથી ગરમ ધાબળો ને ટુવાલ—જેની વહેંચણી કરી પરમાર્થીનાં પત્ની શ્રી મણિબેન અને પુત્રવધૂ ટીનુએ. આ ૧૧૭ પરિવારોને શ્રી મંજુલાબેન ભાવસાર તરફથી દરેકને રૂા. ૫૦ આપવામાં આવ્યા. મુંબઈની જનની તરફથી સ્ટીલનો પ્યાલો, તો પ્રસાદમાં બીસ્કીટ અને વેફર્સ આપ્યાં પ્રિયા અને વ્રજેશે.

આ અસહાયના લાભાર્થીઓ જે ગામોમાંથી આવ્યાં તે પણ અંબાજીથી દૂરના વિસ્તારના આઠેક નાનાં ગામો જેવાં ચોરાસણ, પાઠ, ગાજીપૂરી, સાંકડી વગેરેના છે.

પૂ. માની ઉપસ્થિતિમાં જ આ વહેંચણી થઈ—ને દાતાઓ એ સ્વહસ્તે જ વસ્તુઓ આપી એટલું જ નહિ, પરંતુ આ અશક્તોને સ્વર્ગારોહણના દરવાજા સુધી, બીજા સાધકોની સાથે—પહોંચાડવાનો સહયોગ ધર્યો. સત્કર્મની પાછળનો ભાવ પણ ફળપ્રાપ્તિમાં મુખ્ય ભાગ ભજવે છે.

### તા. ૨૫—૧૨—૦૮ : ત્રીજો દિવસ

ત્રીજા દિવસના સત્કર્મોનાં સહયોગ ધરનાર વિદેશના બે પરિવારો મુખ્ય છે—શ્રી રમણભાઈ અને હંસાબેન તથા શ્રી રતિભાઈ ને શારદાબેન. પ્રથમ પરિવાર તરફથી અનાજમાં બાજરી તથા કઠોળ, ગરમ ધાબળો ને શેત્રંજી, કથરોટ અને ટુવાલ તથા પ્રસાદરૂપે બુંદી ગાંઠીયા ને ચીકી તો બીજા પરિવાર તરફથી સ્ટીલના વાટકા ને ચોખા આપવામાં આવ્યા. તો ઉપસ્થિત સાધકો શ્રી હસુબેન તરફથી વેફર્સ, નૈતિક તરફથી બીસ્કીટ ને મનીષ તરફથી ચોકલેટ અપાયાં.

આજના દિવસના લાભાર્થીઓની સંખ્યા પણ ૧૧૭ ની છે, જેઓ અંબાજી આસપાસના અંદરના વિસ્તારનાં ગામો જેવાં કે માછલા, ઝૂફાળી, રૂપવાસ બાણોદરા, ઉણોદરા ને નવાવાસ કાંઠાના છે.

પૂ. માને સત્કર્મો માટે ધન આપનાર તો ઘણા છે, પરંતુ પૂ. મા એવા જ લોકોનું ધન કે દાન સ્વીકારે છે, જેઓ જાતે કે પરિવારના સભ્યો પોતે ઉપસ્થિત રહી આ સત્કર્મમાં ભાગ લે. તો છેક પરદેશથી ફક્ત આ હેતુ માટે જ આવનાર સાધક ભાઈબેનો પણ છે. પૂ. માના પ્રત્યક્ષ પરિચયનો એ પ્રભાવ છે. અહીં આવતાં આ લાભાર્થીઓની ગરીબાઈ ને લાચારી જોઈને એમને એ અહેસાસ થાય છે કે પ્રભુએ અમને કેવી સરસ સ્થિતિમાં રાખ્યા છે. જ્યાં સુધી માણસ આવી વ્યક્તિઓ કે પરિસ્થિતિનું જાતે નિરીક્ષણ કરતો નથી, ત્યાં સુધી પ્રભુએ તેની ઉપર કૃપા કરી કેટલું વધારે આપ્યું છે, તેનું મૂલ્ય સમજાતું નથી.

**તા. ૨૬–૧૨–૦૮ : ચોથો દિવસ**

આજે અહીં સત્કર્મનું સ્વરૂપ બદલાય છે. આજના લાભાર્થી આદિવાસી બાળદેવતાઓ છે. તે ૨૫૪ દીકરા–દીકરીઓ અંબાજીથી ૩૫ કિલોમીટર દૂર આવેલ આદિવાસી પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ છે તેમના ગામોનું નામ છે બેગડિયાવાસ અને કડલા ખાદરા.

આજે એમને અહીં જે મળવાનું છે, તેમાં ગરમ સ્વેટર, ટોપી શાળાનું દફતર, સ્ટીલની ડીશ ઉપરાંત ગાંઠિયા, બુંદી, ચીકી, ચોકલેટ ને કુરકુરેનો પ્રસાદ છે.

મુખ્ય દાતાઓ છે જગદીપભાઈ અને નયનાબેનના સુપુત્ર પાર્થ અને પૂજા. તેમને સહયોગ સાંપડ્યો છે સાવન, નમન, મુરલીધર વગેરેનો.



શ્રી રાજુભાઈ જાની આ સત્કર્મના પ્રારંભમાં જ સાધક ભાઈબહેનોને–આ નાનાં બાળકોને સ્વેટર પહેરાવવામાં તેમ જ તેમને મદદરૂપ થવા અંગે પૂ. માની સૂચના પ્રમાણે સાવધાન કરે છે. એ બાળકો ભલે મેલાંઘેલાં હોય, તેમની સૂગ ન કરતાં, તેમની સાથે તમે એવો જ પ્રેમમય વ્યવહાર કરજો, જેવો કોઈક જન્મે એ તમારું બાળક હોય.

અહીં પહેરાવવામાં આવતાં સ્વેટરો બાળકના માપનાં જ ખરીદવામાં આવેલ છે. આની નોંધણી સેવાભાવી સાધકોએ પહેલેથી શાળાઓમાં જઈ કરી રાખી છે. દીકરીઓ માટે પણ તેમને અનુરૂપ સ્વેટરો ને માથે બાંધવાના સ્કાર્ફ આપ્યા છે. એક સરખા સ્વેટરોના યુનિફોર્મમાં આ બાળકો ખૂબ સુંદર લાગે છે. પૂ. માએ એવી પણ ગોઠવણ કરી છે કે આ બધાં જ બાળકોને બુંદી ને ગાંઠિયાનો પ્રસાદ તેમને આપેલી ડીશમાં આપવામાં આવ્યો છે. તો ઘરે લઈ જવા માટે આજ પ્રસાદનાં પેકેટો દફતર સાથે આપવામાં આવ્યા છે.

આજના પ્રસાદમાં નાનો બાળક દ્રષ્ટા અને સુકૃતિ બાળકોને બીસ્કીટનાં પેકેટ વહેંચે છે. પોતે બચાવેલા પૈસા પૂ. માના ચરણમાં ધરેલ, તેમાંથી આ બીસ્કીટ ખરીદવામાં આવ્યાં છે.

**તા. ૨૭–૧૨–૦૮ : પાંચમો દિવસ**

આ પાંચમા દિવસનું સત્કર્મ શ્રી ગુલાબબેન અને ઈલાબેન તરફથી છે. બંને બેનોને પોતાના પિતા તરફથી જે સંપત્તિ મળેલી તેનો સદુપયોગ આ સત્કર્મ માટે પૂ. શ્રી માના માર્ગદર્શન પ્રમાણે કરી રહ્યાં છે. શ્રી ગુલાબબેન આમ તો પનામા નિવાસી છે, પરંતુ પતિ શ્રી વસંતભાઈના સ્વર્ગવાસ પછી પૂ. મા જ્યારે ભારત

પધારે ત્યારે મોટાભાગે સ્વર્ગારોહણમાં શાંતિથી રહી—સાધના પરાયણ જીવન જીવે છે.

આજે દંત્રાલ ગામની પ્રાથમિક શાળાના ૩૬૬ બાળકોને ગરમ સ્વેટર ને ટોપી, બુંદીગાંઠિયા ગુલાબબેન તરફથી ઉપરાંત દફતરની કીટ સ્ટીલ પ્લેટ, ચીકી ગોપી તથા લતાબેન તરફથી અને દર્શના તરફથી બીસ્કીટ અને નિત્યા અને મનીષભાઇ તરફથી ચોકલેટ આપવામાં આવે છે.

આજે આવેલ બાળકોને અંબાજી આવતાં જ શ્રી શાન્તિભાઇ કનેરિયા પરિવારના શ્રી શિવમ્ અને શ્રી વિજયભાઇ તરફથી આઇસ્ક્રીમ ખવડાવવામાં આવ્યો; તો વિદાય થતાં પહેલાં ડીશમાં બુંદી ને ગાંઠિયા પણ ખવડાવ્યા. શ્રી દીપકભાઇ તરફથી બાળકોને કાંસકો પણ આપવામાં આવ્યો.

પૂ. માના સાન્નિધ્યમાં સંપત્તિવાન સાધકોમાં સત્કર્મ માટેની ભાવના સહજ રીતે જાગે છે. એટલે તો આટલા બધા આદિવાસી બાળકોને કનેરિયા પરિવાર તરફથી આઇસ્ક્રીમ મળ્યો.

આ પ્રસંગે શ્રી લતાબેને ભાવસભર વાણીમાં જણાવ્યું કે વિદેશમાં સ્થિર થતાં આવકના ૧૦ ટકા પૂ. મા—પ્રભુના સત્કર્મ માટે કાઢીશું એમ નક્કી કરેલું. પછી બીજી મોટેલ લીધી તેમાં વળતર સારું હોવાથી પ્રભુનો ભાગ ૨૦ ટકા કર્યો. ને પૂ. મા પધાર્યાં ત્યારે પૂ. માના ચરણમાં એકત્રિત થયેલ મોટી રકમ મૂકી. તો પૂ. માએ તે ના લેતાં કહ્યું, ''નવા સાહસ કરનાર પાસેથી ના લેવાય.'' આમ કહી તે રકમ પાછી આપી. તેમાંથી થોડીક આજે વપરાઇ તેનો આનંદ છે.

પૂ. મામાં શ્રદ્ધાભક્તિ હોય તો કેવાં કામ થાય છે, તેની વિગત દર્શાવતો એક લેખ પૂ. માના ચરણમાં ધર્યો છે.



તેમની દીકરી ગોપી કહે છે કે હું દોઢ વર્ષમાં ત્રણવાર ભારત આવી છું. પૂ. માના સાન્નિધ્યમાં રહેવાનું ગમે છે એટલે જ વેકેશનમાં સ્વર્ગારોહણ આવવા મળે તે માટે પ્રભુને પ્રાર્થના કરું છું.

આજે પૂ. મા શિક્ષકોને પણ રોજની જેમ પુરસ્કૃત કરે છે. સાથે સાથે તેઓને પણ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવવા અનુરોધ કરે છે. પૂ. મા તરફથી જે સરસ ભાવનાથી આદિવાસી ગરીબ બાળકોને મદદ થઇ રહી છે, તેનાથી તેઓ પણ ખૂબ અભિભૂત થયા છે. તેઓ પણ જીવનમાં સત્કર્મ કરવાની પ્રેરણા અપનાવે, એવો પૂ. માનો અનુરોધ છે.

**તા. ૨૮–૧૨–૦૮ : છઠ્ઠો દિવસ**

આજનું આ સત્કર્મ આદિવાસી ૩૦૦ બાળકોને ગરમ સ્વેટર, ટોપી, ટુવાલ, દફતર, સ્ટીલની ડીશ, બુંદી—ગાંઠિયા અને ચીકીનો પ્રસાદ શ્રી સ્તુતિબેનનાં શ્રી તેજસભાઇસાથેના લગ્ન નિમિત્તે. શ્રી પ્રભુભાઇ હળવદિયા તથા શ્રી વિનેશકુમાર તરફથી યોજાયો છે. બંને પરિવારો પૂ. માના ખાસ ભક્ત છે ને ભારતનાં છે. પૂ. માનું એક સૂચન રહ્યું છે કે લગ્ન નિમિત્તે કરાતા ખર્ચમાં—ગરીબો પ્રત્યેનો સત્કર્મનો થોડો ભાગ રાખો—જેથી પ્રભુ રાજી રહે. આ પરિવારોએ તેનો અમલ કર્યો.

આજના આ સત્કર્મમાં પોતાના તરફથી પ્રદાન કરનાર બીજા દાતાઓમાં વડોદરાના શ્રી કલ્પુબેન અને દેવભાઇ છે. તેઓ તરફથી બાળકોને બીસ્કીટ તેમના દીકરાઓના હાથે વહેંચવામાં આવે છે. બીજો નાનો દાતા છે નિર્ભય—સંસ્કૃત શ્લોકો બોલનાર. તેના તરફથી બાળકોને ચોકલેટ મળે છે. રાજકોટના દવે પરિવાર તરપથી વેફર્સ, તો મોરબીના શ્રી કરસનભાઇ તરફથી

સ્ટીલના ગ્લાસ આપવામાં આવે છે.

આમ આ સત્કર્મ સપ્તાહ દરમ્યાન કુલ ૧૦૫૦ બાળકો ગરમ સ્વેટર, ટોપી, દફતર કીટ ને ઘણો બધો પ્રસાદ પામ્યાં છે. જીવનમાં જેમણે આમાંની એકપણ વસ્તુ ભાગ્યે જ ખરીદી હોય, તેના મનને આટલું બધું એક સાથે મળતાં કેટલો બધો આનંદ થાય! તે તો તેઓના ચહેરા ઉપરથી દેખાય આવે છે. આ બાળકોની આવી પ્રસન્નતા એ જ મોટું પુણ્ય.

**તા. ૨૯–૧૨–૦૮ : સાતમો અંતિમ દિવસ**

કેનેડામાં સ્થિર થયેલ શ્રી રાજુભાઇ શાહ અને શ્રી જ્યોત્સ્નાબેન આજના સત્કર્મયજ્ઞનાં મુખ્ય યજમાન છે. આજે અહીં ૧૧૮ ગરીબ અને અસહાય પરિવારોને અનાજ વગેરે આપવામાં આવી રહ્યું છે. તો બોગરણાં શ્રી જોલીબેન તરફથી, શ્રી દર્શના છાટબાર તરફથી તપેલી, પદયાત્રીઓ તરફથી બીસ્કીટ અને વેફર્સ અને કૃપેશ ગોવિંદભાઇ તરફથી ચોકલેટ આપવામાં આવ્યા.

શ્રી રાજુભાઇએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે અમારાં જીવન પૂ. મા અને પ્રભુ સાથે વણાઇ ગયેલાં છે. તેમની અદ્‌ભુત અને અનન્ય કૃપાનો પ્રત્યક્ષ પૂરાવો મારી પત્ની જ્યોત્સ્ના છે, જેને છેલ્લાં પાંચેક વર્ષથી ગળાનું કેન્સર છે. તેથી તેના ગળામાં કાંણુ પાડી દીધું છે ને તે માત્ર પ્રવાહી ખોરાક લઇ શકે છે ને કાણા પર આંગળી રાખે ત્યારે જ તેનો અવાજ નીકળે છે. છતાં તેઓ મારી સાથે અહીં આવ્યાં છે. ને આ સત્કર્મમાં પ્રત્યક્ષ મદદરૂપ થઇ રહ્યાં છે. શ્રી રાજુભાઇએ સ્વર્ગારોહણના સેવકગણનો પણ ખાસ આભાર માન્યો.

આજના લાભાર્થીઓ ૬૦ કિલોમીટર દૂરના ગામોના અપંગ



પરિવારના છે. તેઓને અનાજ ઉપરાંત ટુવાલ, શેત્રંજી, ધાબળો, તાસ, પ્રસાદ વગેરે ઉપરાંત રૂા. ૫૦ શ્રી રાજુભાઇ–જ્યોત્સ્નાબેન તરફથી આપવામાં આવે છે.

આ સત્કર્મોના સેવાયજ્ઞ પ્રસંગે પૂ. માનું પ્રત્યક્ષ સાન્નિધ્ય–ઉપસ્થિત સાધકોને સતત ચારેક કલાક મળતું. પોતાના રોજના સાધનાત્મક નિયમો પૂરા કરવા પૂ. માને તેથી થોડી અસુવિધા રહે તે સ્વાભાવિક છે, કિન્તુ સાધકોના લાભાર્થે તે સહી લેતાં.

જે ઉત્તમભાવના અને ગરીબો તેમ જ બાળકો પ્રત્યેની અનુકંપાથી પ્રેરાઇ પૂ મા જે સત્કર્મો કરાવી રહ્યાં છે, તેનો જોટો મળવો મુશ્કેલ છે કારણ તેમાં પ્રસિદ્ધિની કોઇ ખેવના નથી, કે કોઇ વિશેષ આદર પ્રાપ્ત કરવાની અપેક્ષા નથી. કેવળ એક માનવ સહજ કરુણા ને આ ભગવાનનું કામ છે, તેવો ભાવ રહેલો છે. માનવસેવા કરતી અનેક સંસ્થાઓને, પૂ. માનો આ સેવા પ્રકાર એક માર્ગ ચીંધે છે કે આવો, અહીં તમારાં જ બાંધવો કેવી કારમી ગરીબાઇમાં જીવી રહ્યા છે, તે જુઓ અને તેમના પ્રત્યેની તમારી ફરજ અદા કરી–મનુષ્યશરીર ધારણ કરવાની સાર્થકતા અનુભવો. હે મા–પ્રભુ, સમાજમાં જેમની પાસે સંપત્તિ છે, તેમને પ્રભુનાં આવાં કાર્યો કરવાની સન્મતિ દેતાં રહેજો જેથી અભાવોની વચ્ચે જીવતા આ માનવો થોડી હાશ પામે.

## Divinity Personified for Devotees

# Maa Sarweshwari

**Gargi–U.S.A.**

There are many great saints on this earth who, through severe penance and devotion, have attained many siddhis. However, of all the saints present on earth as well as the rest of the universe, there is none equivalent to Pujya MAA Sarveshwari. MAA. The simple utterance of her name brings peace into our hearts. MAA. She is the mother of all, young and old. She gives equal and utmost love to everything animate and inanimate. In her presence, the only vibrations felt are that of love and joy. Who is this MAA? Why did she come? Who is she here for? Who are we to her? All these are questions that countless individuals have and seek the answers for. The answers are present, however, it is up to us to believe. It is up to us to have faith, devotion, courage, and utmost determination to follow the teachings of MAA. Are we ready to do this?

Who is MAA? MAA is Shakti. Shakti is power. MAA is the Divine Power that resides in everything and everyone. Shakti is formless, colorless, and in essence, cannot be seen in any way. However, this Shakti is prevalent everywhere. She is in our every



breath, in every object, every plant, every animal; the entire universe is powered by Shakti. There is none above Shakti. Shakti is like the trunk and roots of a large tree and all the other deities, such as Brahma, Vishnu, and Mahesh, are just the branches and leaves of that tree. Shakti is the sole creator and from her originates the entire universe; hence, she created us all. Without Shakti, there would be no earth, no universe, and no gods. Shakti is the ultimate Supreme Being.

Why did she come? Why would the Divine Power herself come to this earth populated with countless sin–filled individuals? What is the purpose of her coming to our level? The answer is simple, but powerful. She has come to help us. The Divine Power resides in MAA and this MAA is our guide. She is here as our lighthouse. She is here to give us the divine light and lead our souls through the rough and unfavorable waters of society. MAA is constantly teaching, loving, listening, and caring for all, thus, continuously illuminating us with her divine light, MAA is continuously teaching us, telling us what to do and what to avoid, why? She wants our souls to become one with her, the Divine Power, and attain Moksha. She wants to free our souls from this endless cycle of reincarnation and once again take us to where we originated.

As a great individual once said, “Our body doesn’t

have a soul in it; rather, our soul has been gifted with this body." With this Divine gift of the human body, the highest possible form to be attained, it is our duty as the receivers to put that gift to its best use. MAA wants us to use this body as a tool to attaining Moksha. We have been given a mind to distinguish between good and bad as well as to be independent in our thoughts. We have been given these two hands and feet to pray and serve. We have been given these two eyes to see the beauty around us that was created by Shakti. We have been given two ears to hear the Praises of MAA and this mouth to speak the praises of MAA. We have been given this voice to sing the glories of MAA and finally, we have been given this heart to love MAA. Our heart is constantly being divided into so many parts that the heart itself feels burdened by all the love that it is required to share. Rather than share, why not only love MAA. Our heart is constantly being divided into so many parts that the heart itself feels burdened by all the love that it is required to share. Rather than share, why not only love MAA? Loving our fellow human beings is our duty, however, loving MAA is a privilege. Why not make the most of this God–given heart, and fill it with infinite love for MAA? our souls have received this human body to become closer to MAA, to lead pious lives in which we keep this gift away from harm, and ultimately, to attain self–realization.



Who is she here for? Who are we to her? The very meaning of MAA, is Mother. Through Her motherly love, MAA has come down to Earth to help her beloved children walk onto the rightful divine path of self–realization. What else could be her motivation? In observing her severe penance, we may at times feel that she is here for the Divine, Prabhuji. However, MAA could easily be with Prabhuji if that was her sole purpose. MAA is here for her children. All this sacrifice, the impossible fasts, the countless pranam, jaap, and sadhana, is for her children. Then why are we, her beloved children, hesitating in following her teachings?

Yes, many argue that it is our human nature that prevents us from dong only good deeds. However, even this becomes an invalid argument when considering the Divine support that we have to help us in this task. With Pujya MAA by our side, all impossible tasks become possible. All obstacles can be easily overcome; all we have to do is have faith and determination. God helps those who help themselves. In the same way, MAA helps those who are willing to put effort into walking down the rightful path.

We are her children. What mother does not want to help her child? Our tears are MAA's tears and our smiles are her smiles. All a mother wants is to see her child happy, and in order to do this, the mother is continually teaching and guiding the child to do good

and be good. MAA plays the role of this same mother, however rather than doing this on the human plane, she supports us on the divine plane. Her role as a mother is to guide our souls onto the rightful path, in order to ultimately reach the end. Getting to the end, however, is not easy. We are tested heavily and are forced to cross treacherous obstacles, however, the lessons we learn through these obstacles are what help us take steps onto this rightful path. MAA is constantly with her children, guiding them and helping them through their sorrows. Without MAA, we would not even have the faintest idea of which path to choose.

These frequently asked questions about Pujya MAA have very basic and simplistic answers, however, our "human nature" prevents us from believing and applying this knowledge. MAA is a complex being with a simple purpose. Her love and power is infinite, therefore, there are none euivalent to her. MAA is The One to be attained in this endless cycle of reincarnation and this can be done solely through faith and devotion. MAA is real, and society is a dream. Why chase dreams when we could be living in divine reality?

Om MAA. Om MAA. Om MAA.

Koti Koti Pranam.

Your child,
Gargi–U.S.A.



## ભક્તોમાટે દિવ્યતાનું સગુણ સાકાર અવતરણ

# મા સર્વેશ્વરી

કુ. ગાર્ગી
અનુવાદ : નારાયણ હ. જાની

આ પૃથ્વી ઉપર એવા ઘણા બધા મોટા સંતો છે જેમણે તેઓની ભારે અગર ઉગ્ર તપ અને ભક્તિ વડે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. છતાં અત્યારે જે સંતો પૃથ્વી પર કે વિશ્વના બીજા ભાગમાં હયાત છે, તેઓમાંનો કોઈપણ (મારા મત પ્રમાણે) મા શ્રી સર્વેશ્વરીની બરોબરી કરે એવા નથી. ''મા'' એટલું ઉચ્ચારતાં જ આપણા હૃદયોમાં શાન્તિ ફરી વળે છે. આ 'મા' નાના કે મોટા સહુની મા છે. અરે, તેઓ તો સજીવ અને નિર્જીવ સહુને સરખો અને ભરપૂર પ્રેમ આપે છે. એમની ઉપસ્થિતિમાં બધે ફક્ત આનંદ અને પ્રેમના સ્પંદનોનો જ અનુભવ થાય છે. તો આ 'મા' કોણ છે? તેઓના અહીંના અવતરણનું શું પ્રયોજન છે? તેઓ અહીં શા માટે છે? અને આપણી સાથે તેમનો શો સંબંધ છે? આ બધા પ્રશ્નો અગણિત લોકોને થાય છે અને તેઓ તેના પ્રત્યુત્તરો શોધે છે. તેના જવાબો તો પ્રત્યક્ષ છે જ—જો આપણા માન્યમાં આવે તો. પૂ. માના ઉપદેશોને શ્રદ્ધા, ભક્તિ, હિંમત અને મક્કમ નિર્ધાર વડે અમલ કરવાનું આપણા હાથમાં છે. શું આપણે તે માટે તૈયાર છીએ?

પહેલાં 'મા' કોણ છે તે સમજો. તેઓ શક્તિ છે. આ શક્તિ એજ બળ. આ શક્તિ દિવ્ય છે, જે સૃષ્ટિની દરેક વસ્તુ અને વ્યક્તિમાં નિગૂઢ રહેલી છે. આ શક્તિને નથી કોઈ આકાર કે

રૂપરંગ. તત્ત્વતઃ તેને ભૌતિક આંખો વડે કોઇ રીતે જોઇ શકાતી નથી. આમ છતાં તે બધે જ અસ્તિત્વ ધરાવે છે. આપણા પ્રત્યેક શ્વાસમાં, દરેક પદાર્થ, પ્રાણી, કે છોડ, અરે, આ આખુ વિશ્વ તેનાથી જ સભર ને વ્યાપ્ત છે. આ સૃષ્ટિમાં આ શક્તિથી પર કશુ નથી. આ શક્તિ તો વિશ્વરૂપી વૃક્ષના થડ અને મૂળ જેવી છે, જ્યારે બધા જ દેવો—બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ—આ ઝાડની ડાળીઓ અને પાંદડા સમાન છે. આ શક્તિ માત્ર જ સૃષ્ટિની સર્જક છે અને એનામાંથી જ સમગ્ર સર્જાયું છે. એથી આપણે પણ એનું જ સર્જન છીએ. આ શક્તિ સિવાય પૃથ્વી, વિશ્વ કે દેવોનું અસ્તિત્વ શક્ય જ નથી. કહો કે આ શક્તિ જ પરમ અસ્તિત્વ છે જે ત્રણે કાળમાં અસ્તિત્વ ધરાવે છે.

તો તેણે શા માટે અવતરિત થવું જોઇએ? શા માટે આ દિવ્ય શક્તિએ સ્વયં—અગણિત પાપોથી ભરેલા માનવોવાળી આ પૃથ્વી પર આવવું જોઇએ? આપણા સ્તર સુધી ઉતરી આવવા માટે તેનું શું કોઇ પ્રયોજન છે? આનો પ્રત્યુત્તર ખૂબ સાદો પણ સચોટ છે આપણને મદદ કરવા જ તેઓ પધાર્યાં છે પૂ. મામાં આ દિવ્ય શક્તિ આવિર્ભાવ પામી છે—અને આ માજ આપણા માર્ગદર્શક છે. તેઓ તો આપણી દીવાદાંડી સમાન છે. સમાજના પ્રતિકૂળ અને તોફાની પ્રવાહોમાં દોરવા અને દિવ્ય પ્રકાશ ધરવા તેઓ આપણી વચ્ચે છે. પૂ. મા સતત પણે આપણ બધાને શીખવતાં, પ્રેમ કરતાં, સાંભળતાં ને સંભાળતાં રહે છે. આ પ્રકારે પોતાના દિવ્ય પ્રકાશ વડે એકધારા તેઓ આપણ સહુને પ્રકાશિત કરતાં રહે છે. આપણે જીવનમાં શું કરવું જોઇએ અને શું ત્યજવું જોઇએ તે સતત શીખવતાં રહે છે. આમ કરવા પાછળ તેઓનું પ્રયોજન શું છે? તેમ કરવા પાછળ તેમનો એક



માત્ર આશય એ છે કે તે દિવ્ય શક્તિ સાથે જોડાઇ રહીને, બંધનોમાંથી છૂટી આપણે મોક્ષ પામીએ. 'પુનરપિ જનનમ્ પુનરપિ મરણમ્' એવા જન્મમરણના અનંત ચક્કરમાંથી છૂટી ફરી એકવાર આપણે જે પ્રભુથી છૂટા પડેલા, તેની સાથે પાછા જોડાઇ જઇએ.

એક મહાપુરુષે કહ્યું છે કે "આપણા આ શરીર સાથે આત્મનું જોડાણ થયું છે એમ કહેવા કરતાં આપણા આત્માને આ શરીરરૂપી ભેટ મળી છે, એમ કહેવું વધુ ઉચિત છે, કારણ કે માનવ શરીરરૂપી મળેલી આ દિવ્ય ભેટનો ઉદ્દેશ તેનો સર્વોત્તમ ઉપયોગ કરી તેને સાર્થક કરવાની આપણી ફરજ બની રહે છે. પૂ. મા ઇચ્છે છે કે આપણે આ શરીરનો ઉપયોગ મોક્ષપ્રાપ્તિ માટે કરી લઇએ. ભગવાને આપણને સારું શું ને ખરાબ શું તે પારખવાની વિવેક શક્તિ આપી છે, તેમજ સ્વતંત્ર વિચારવાની શક્તિ પણ આપી છે. આપણને પ્રાર્થના તથા સેવા કરવા માટે બે હાથ ને બે પગ પણ દીધા છે; પરમ શક્તિએ જે સૌંદર્યનું સર્જન આપણી આસપાસ કર્યું છે, તેનું દર્શન કરવા બે સરસ મજાનાં નેત્રો પણ દીધાં છે. આ ઉપરાંત પૂ. માની લીલાઓના ગુણગાન સાંભળવા માટે કાન આપ્યા છે, તો પૂ. માની આ લીલાઓનું અને પૂ. માના યશનું ગાન કરીએ. વળી પ્રભુએ હૃદય આપ્યું છે તો પૂ. માને પ્રેમ કરી લઇએ. આપણુ આ હૃદય સતત દુન્યવી અનેક વ્યક્તિ અને વિષયો વિષે વહેંચાયેલું હોવાથી ખૂબ બોજો અનુભવે છે, કારણ કે તે માટે તેને પ્રેમની આવશ્યક્તા રહે છે. હૃદયને આ રીતે વિભાજીત કરવા કરતાં, એકલાં માને જ શા માટે ચાહી ના લેવાં? આપણા માનવ ભાઇઓને ચાહવા એ આપણી ફરજ બની રહે છે, કિન્તુ પૂ. માને ચાહવા એ તો

આપણો એકાધિકાર છે. તો ભગવાને હૃદયરૂપી જે બક્ષીસ આપી છે, તેનો સદ્દુપયોગ પૂ. મા જેવા સંત માટે અખૂટ પ્રેમથી ભરીને, શું કામ ના કરી લઇએ? આપણા આત્માઓને આ ભૌતિક શરીર મળ્યું છે, તેનું પ્રયોજન પૂ. માનું સાન્નિધ્ય પ્રાપ્ત કરી, પવિત્ર જીવન જીવી પ્રભુની આ ભેટને જરાય ખરાબ થવા દીધા સિવાય અન્તે તે વડે આત્માનુભૂતિ પ્રાપ્ત કરી લઇએ.

તેઓ કોણ છે અને અહીં આ પૃથ્વી પર શા માટે છે? આપણો તેમની સાથે શો સંબંધ છે? આ શબ્દનો સીધો સાદો અર્થ મા એટલે મા. તેઓ પોતાના દિવ્ય માતૃપ્રેમથી પ્રેરાઈને આ પૃથ્વી ઉપર આવ્યાં છે જેથી કરીને તેમના વહાલા બાળકોને ધર્મના માર્ગ ઉપર ચાલી આત્માનુભૂતિ પ્રાપ્ત કરવામાં મદદરૂપ થવાય. આ સિવાય બીજું તેમનું પ્રયોજન પણ શું હોઇ શકે? તેઓના ભારે તપને જોતાં લાગે કે તેઓ દિવ્ય ગુરુદેવ માટે અવતરિત થયાં છે. આમ છતાં જો આ જ ફક્ત તેઓનું પ્રયોજન હોત તો તેઓ ગુરુદેવ સાથે સહેલાઈથી જોડાઇ શક્યાં હોત. પરંતુ પૂ. મા તો તેઓના બાળકો માટે આવ્યાં છે. એથી તો આ બધા ભોગ, અશક્ય લાગતા ઉપવાસો, અગણિત પ્રણામો, જપ અને સાધના તેઓના બાળકો માટે તો કરી રહ્યાં છે. તો પછી આપણે તેમનાં વહાલા બાળકો—તેમના ઉપદેશ પ્રમાણે ચાલવામાં શા માટે ખચકાટ અનુભવી રહ્યા છીએ!

હા, ઘણા લોકો દલીલ કરશે કે માનવ સ્વભાવની નબળાઇ આપણને ફક્ત સારા કર્મો કરતાં અવરોધે છે કિન્તુ પૂ. માની આ કાર્યમાં મળી રહેતી દિવ્ય સહાયને ગણતરીમાં લેવામાં આવે તો ઉપરની દલીલ ટકી શકે તેમ નથી. પૂ. મા જો આપણા પક્ષે હોય



તો ગમે તેવા અશક્ય લાગતાં કામો શક્ય બની જાય. બધા અવરોધોને સહેલાઈથી ઓળંગી જવાય—જો આપણને પૂ. મામાં પૂર્ણ શ્રદ્ધા ને કાર્યો કરવાનું નિશ્ચય બળ હોય તો. કહેવત છે કે ભગવાન તેમને મદદ કરે છે જેઓ પોતે પોતાને મદદરૂપ થવા તૈયાર હોય છે. એ જ પ્રમાણે પૂ. મા પણ જેઓ સત્યના માર્ગ ઉપર ચાલવા રાજી છે તેમને મદદ કરે જ છે.

આપણે એનાં બાળકો છીએ. કઇ મા એના બાળકોને મદદરૂપ થવા નહી ઇચ્છે? આપણાં આંસુ કે આપણુ હાસ્ય એ તો માનાં આસુ ને હાસ્ય સમાન જ છે. દરેક માતાની એક જ ભાવના હોય છે કે તેનાં બાળકો સુખી થાય. અને તેથી તે સતત શીખવી રહ્યાં છે કે ભલા બનો ને બીજાનું ભલુ કરો. પૂ. મા પણ આ પ્રમાણેનો ભાગ આપણા જીવનમાં ભજવી રહ્યાં છે જો કે તે ભૌતિક સ્તરને બદલે આપણને દિવ્ય ભૂમિકા પર તેમ કરી મદદ પહોંચાડી રહ્યાં છે. મા તરીકેની તેમની અહીંની ભૂમિકા જીવોને ધર્મના માર્ગે દોરી, જીવનના અંતિમ લક્ષ્ય—મોક્ષ સુધી પહોંચાડવાની છે. જો કે અંતિમ તબક્કા મોક્ષ સુધી પહોંચવું સહેલું નથી. માર્ગમાં લોભામણા પ્રલોભનવાળા વિશ્વમાંથી ફરજિયાત પસાર થવું પડે છે, આમ છતાં આ અવરોધોના પરિણામે જે શીખવા મળે છે તે જ ધર્મ કે સત્યના માર્ગે પગલાં ભરવામાં સહાયરૂપ નીવડે છે.

પોતાના બાળકોના દુઃખ કે શોકના પ્રસંગોમાં તેમને શિક્ષણની સાથેસાથે માર્ગદર્શન પૂરું પાડવાનું કામ પણ પૂ. મા કરતાં રહે છે. પૂ. માની ઉપસ્થિતિ વગર, આત્મિક કલ્યાણ માટે કયો માર્ગ પસંદ કરવો તે અંગે જરૂરથી મૂંઝવણ અનુભવાત.

પૂ. મા વિષે અવારનવાર પૂછાતા આ પ્રશ્નો મૂળભૂત છે તો તેના પ્રત્યુત્તરો પણ સાવ સરળ છે; આમ છતાં માણસનો શંકાશીલ સ્વભાવ પૂ. માના મહાત્મ્યની આ વાતો સ્વીકારી તેનો અમલ કરવામાં અવરોધક બને છે. પૂ. મા ભલે સરળ લાગતાં છતાં તેઓ ખરે જ રહસ્યમય છે. પણ તેમનો પ્રેમ અખૂટ અને શક્તિ અનંત છે તેથી જ તેઓ એક અને અજોડ છે. એથી આ જન્મ—મરણના ચકરાવામાં પ્રાપ્ત કરવા યોગ્ય હોય તો તે પૂ. મા એક જ છે. જેમને શ્રદ્ધા અને ભક્તિથી પામી શકાય છે. સાચું પૂછો તો પૂ. મા જ સત્ય છે અને આ સંસાર સ્વપ્ન સમાન ભ્રમ છે. તો પૂ. મા જેવી દિવ્ય વિભૂતિને છોડી આ અવાસ્તવિક સ્વપ્નની પ્રાપ્તિ માટે આપણે શા માટે પુરુષાર્થ કરવો જોઈએ? આપણે દિવ્ય અસ્તિત્વમાં જીવી શકીએ તેમ છીએ તો વૃથાની પાછળ જીવન શા માટે વેડફીએ?

સામાજિક, રાજકીય કે ભૌગોલિક પરિમાણોનું ભારત સાચું ભારત નથી. સાચું ભારતવર્ષ એટલે આધ્યાત્મિક ભારત. આ એક સત્ય છે.

—સ્વામી ચિદાનંદ



# પ્રેરણાત્મક પ્રસંગો

સંકલન : તંત્રી

## (સત્સંગની બેઠકમાં સાંભળેલું)

## જોલી બની દેવદૂત

જોલી ભારતીય હોવા છતાં તે વિદેશમાં જન્મી અને ઉછરેલી છોકરી છે. તે નાની હતી તે પછી ઘણાં વર્ષે ભારત પૂ. માના સૂચનથી આવી છે.

તેનું હૃદય ખૂબ સંવેદનશીલ છે. તે સ્વર્ગારોહણના સેવકો સાથે આદિવાસી વિસ્તારમાં ગઈ. ત્યાં તેણે એક ગામમાં એક વૃદ્ધાને જોઈ, તેને બે દીકરા છે, પણ એક અસ્થિર મગજનો છે, જ્યારે બીજો શારીરિક રીતે અશક્ત છે. આ વૃદ્ધ માતા તેમને જેમતેમ કરી જીવાડે છે. રહેવાનું ઝૂંપડું છે, પણ માથે છત નથી. દિવાલો માત્ર છે. ઝૂંપડામાં ખાસ કશી જ ઘરવખરી નથી. બેન જોલીને આ વૃદ્ધાની સ્થિતિ સ્પર્શી ગઈ. તેણે તેના છાપરા માટે પતરાં તેમ જ જરૂરી લાકડાં લાવી, તેના છાપરાને ઢંકાવી દીધું. કાચી દીવાલમાં પડેલ ખાડા પણ જાતે માટી પલાળી પૂરી દીધા, એટલું જ નહિ, પરંતુ તેને ખાવા માટેનું જરૂરી અનાજ ને બીજી વસ્તુઓ લાવી દીધી. આમ રૂા. પચ્ચીસ હજાર જેવી રકમ ખર્ચી તે ડોશીમાના જીવનમાં દેવદૂત બનવા આવી ગઈ!

## ૧૭ લાખ પ્રણામ

મોરબીનો યુવાન મનીષ પૂ. માનો ભક્ત છે, તે ભલે ડીગ્રીધારી ન હોય, પણ તેનામાં ઘણી બધી આવડત છે. સમૂહભોજન માટેની મીઠાઈ—કે જલેબી તે સરસ બનાવી જાણે,

તે સાહસિક પણ છે.

હિમ્મત કરીને આફ્રિકાના સુદાન દેશની રાજધાની ખાર્ટુમમાં ટાઈલ્સની ફેક્ટરીમાં શ્રમયુક્ત કામ કરવા ૩ વર્ષના કોન્ટ્રેક્ટ પર ગયો. આ કોન્ટ્રેક સાથે તેણે ભગવાનને બને તેટલા વધુ પ્રણામ કરવાનો સંકલ્પ પણ કર્યો. અને તેણે ત્યાંના રોકાણ દરમ્યાન કેટલા પ્રણામ કર્યા હશે એની કલ્પના કરી શકો છો?

તમે નહિ કલ્પી શકો. તેણે ત્યાં રોકાયો તે દરમ્યાન ૧૭ લાખ પ્રણામ પ્રભુને કર્યા છે. આપણને સાંભળીને લાગેને—અધધધ! આટલા બધા! વિદેશમાં એકલો હોવાથી તેને જ્યારે પણ સમય મળે ત્યારે તેનો ઉપયોગ પ્રણામ કરવામાં જ તે કરતો. તેને પૂછતાં તેણે કહ્યું રોજ ૨૫૦૦ નો નિયમ હતો, તો કદીક ૫૦૦૦ પ્રણામ પણ થઈ જતા. ત્રણ વર્ષમાં તેણે ૧૭ લાખ પ્રણામ કર્યા. કેવી નિષ્ઠા!

## નિર્દોષ મનોરંજન

સત્કર્મોની સતત પ્રવૃત્તિ વચ્ચે પૂ. મા યુવાન સાધક ભાઈબ્નોને રાતની સત્સંગની બેઠક પછી આધ્યાત્મિક બોધપ્રદ નાટ્ય પ્રસંગો રજૂ કરવા સૂચવતાં. તો શ્રી બીજલબેન, ગાયત્રી, જયુબેન વગેરેની દોરવણી નીચે નાની—મોટી બેનો સરસ અભિનય રજૂ કરતી. તે જોઈ પૂ. મા પ્રસન્ન થતાં બીરદાવતાં ને પુરસ્કૃત પણ કરતાં.

આ પછી મુક્તમને જે સરસ રાસગરબા થતા, તે તો—ભગવાન કૃષ્ણની કાલિંદીના કાંઠેનો રાસલીલાની યાદ તાજી કરાવી દેતા. પરદેશની બેનો પણ એમાં ખૂબ ઉત્સાહથી ભાગ લેતી અને તેમાં તેમની નિપુણતા ને જુસ્સો નીરખી આશ્ચર્ય થતું. આ દીકરીઓ આ ગરબા ગાવાનું પરદેશમાં ક્યાં શીખી હશે?



એવો પ્રશ્ન પણ ઉદ્ભવતો. સહુથી આશ્ચર્ય તો એ વાતનું થતું કે એકધારા દોઢ બે કલાકના ગરબા પછી પણ તેઓ કોઈ પણ પ્રકારનો થાક ના અનુભવતી જણાતી. ગરબામાં ગાનનો વિષય યોગેશ્વરજીની બાવની—જુદા જુદા ઢાળ અને તાલમાં થતી.

આ ગરબામાં નાની મોટી સહુ બેનો પણ સ્વેચ્છાએ એમાં જોડાઈ નિર્દોષ આનંદ લૂંટતી. તો ભાઈઓ પણ પોતાની રીતે જાણે નવરાત્રિના ગરબા ગાઈ રહ્યા હોય તેવું અનુભવાતું. પૂ. માની સતત ઉપસ્થિતિ સહુની પ્રેરણા અને શક્તિનું સ્રોત બની રહેતી. તો પૂ. માએ એક દિવસ બધાં જ વડીલોને પણ ગરબે ઘૂમાવી—સહુને ખૂબ હસાવ્યા.

યુવાન દીકરા—દીકરીઓ ખૂબ ગરબે ઘૂમીને થાકે તો ભૂખ્યાં તો થાય જ ને? તો પૂ. માએ રાતે સાડાબાર પછી સહુને માટે શીરો બનાવરાવ્યો. ભરપેટ ખવરાવ્યો. તીખા નાસ્તા સાથે.

તો બીજા દિવસે મધ્યરાત્રિ પછી ૪૦ કીલો બટેટાંની ચીપ્સ તરાવી—સહુને આગ્રહપૂર્વક ટોમેટો કેચઅપ સાથે ખવરાવી, પ્રસન્ન કરી, થાક ઉતારી દીધો.

ત્રીજા દિવસે સ્તુતિ અને તેજસ્‌ના લગ્ન નિમિત્તે યોગેશ્વર પરિવારના સાધક ભાઈબેનોને શ્રી શાન્તિભાઈ કનેરિયા પરિવારના શ્રી વિજયભાઈ તરફથી ભરપેટ આઈસ્ક્રીમ અને વેફર ખવડાવ્યાં. આ બધું જોતાં, જે આનંદ ને ઉલ્લાસનું દર્શન થતું, તે જોનારને રોમાંચિત કરી દે તેવું હતું.

પૂ. માનું સાન્નિધ્ય એ એક શુષ્ક આધ્યાત્મિક કે સાંપ્રદાયિક પરિપાટી નથી, કિન્તુ નિર્દોષ આનંદની મહેફિલમાં જાણે જોડાયા ના હોઈએ—એવું જોનારને લાગે છે. પૂ. માની આધ્યાત્મિકતામાં વાણીને ઓછું સ્થાન છે. કારણ પૂ. મા તો છેલ્લાં બારેક વર્ષથી

મૌન પાળે છે. કિન્તુ વર્તન ને વ્યવહારથી તેઓ શ્રમ, ત્યાગ, પ્રેમ અને પરોપકારના જે પાઠો શીખવી રહ્યાં છે—તેનું મૂલ્ય સાચા આધ્યાત્મિક ક્ષેત્રમાં બીજે બહુ ઓછું જોવા મળે તેવું છે.

ઘણી બધી થતી બાહ્ય પ્રવૃત્તિ વચ્ચે પણ પૂ. મા ખૂબ હળવાં ને સદૈવ પ્રસન્ન લાગે છે. વળી નિર્દોષ મનોરંજન પૂ. માને ખૂબ ગમે.

## નિર્ભયને પૂ. માએ બીરદાવ્યો

વડોદરાના સાધક શ્રી પરેશભાઈ ને સ્મિતાબેનનો પુત્ર નિર્ભય છે તો પાંચ—છ વર્ષનો પરંતુ તેના દાદીમા મધુબેનના સાન્નિધ્યે આ બાળકને સંસ્કૃતમાં ઘણા બધા શ્લોકો મોઢે થઈ ગયા છે. પૂ. મા શ્રી સર્વેશ્વરીનું કામ તો જ્યાં જે સારું જુએ તેને બીરદાવવાનું, પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવાનું. એ રીતે નિર્ભય પચ્ચીસેક જેટલા સંસ્કૃત શ્લોકો સ્પષ્ટ ઉચ્ચારથી બોલી ગયો, તો પૂ. માએ તેનું વિડિયો શુટીંગ કરાવ્યું અને વડીલોને એ બાળકને પ્રોત્સાહિત કરી પુરસ્કૃત કરવા કહ્યું. વડીલોએ તેમ કર્યું પણ ખરું.

કિન્તુ નિર્ભય અને તેના પરિવારે પુરસ્કારમાં મળેલ રકમમાં—એટલી જ બીજી રકમ પોતા તરફથી પૂ. માને સત્કર્મમાં વાપરવા ધરી દીધી. આમ એ બાળકને આટલી નાની વયમાં સત્કર્મ માટે ત્યાગ કરવાની પ્રેરણા ધરનાર પરિવાર ખરે જ ધન્યવાદને પાત્ર છે.

નિર્ભયનામાં આટલી નાની વયમાં જાહેરમાં બોલવા અંગેનો કોઈ સંકોચ જોવા ન મળ્યો. તે પણ ખરે જ સરાહનીય ગણાય. તેનાથી થોડી મોટીબેનને પણ આ બધા જ શ્લોકો કંઠસ્થ હતા, તે



સાંભળી શ્રોતાઓ ને પૂ. મા પણ ખુશ થયાં. સંસ્કારી વડીલો નાના બાળકોમાં કેવી સરસ રીતે ધાર્મિક સંસ્કારો સીંચી શકે, તેનું દર્શન શ્રી મધુબેનના પરિવારમાં જોવા મળ્યું.

## લાકડાના ભારા ઊંચકી આવનારને રોજ પ્રસાદ

સ્વર્ગારોહણ જાણે આદિવાસીઓ માટે અનુકંપાનું કેન્દ્ર બની રહ્યું છે. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની સ્વર્ગારોહણમાંની ઉપસ્થિતિ જ આ અનુકંપાનું કારણ હોઈ, પૂ. માને પોતાને પણ એક ભાવ થયો ચાલો, રોજ રોજ સ્વર્ગા-રોહણના પ્રવેશદ્વારથી આવી સવારે પસાર થતાં આદિવાસી બેનો—ભાઈઓને જે બીસ્કીટનો પ્રસાદ ને સાથે કદીક વસ્ત્ર કે વાસણ આપવામાં આવે છે, તો તા. ૩૦ મી ડીસે.ના રોજ અમારા હાથે તે આપીએ. પૂ. માના આ ભાવને સાધકોએ પ્રેમપૂર્વક વધાવી લીધો.

તા. ૨૯ મીની રાતે પદયાત્રીઓએ શ્રીરામકૃષ્ણદેવના જીવનના પ્રસંગ આધારિત જે નાટક ભજવ્યું—તેમાં ભાગ લેનાર દસેક લાભાર્થીઓને પૂ. માએ પુરસ્કૃત કરેલ. તે બધાં ભાઈઓને પુરસ્કારમાં પ્રાપ્ત થયેલ રકમમાં એટલી જ બીજી રકમ પોતા તરફથી તેઓએ ઉમેરી. તેમાંથી સ્ટીલના મોટા વાટકા તેમ જ પ્યાલા ખરીદ્યા. સાથે બીસ્કીટ ઉપરાંત બુંદી—ગાંઠિયાના પેકેટ ઉમેરી પૂ. માના વરદ હસ્તે સવારે ૬ થી ૭—૩૦ સુધીમાં આ પ્રસાદ અપાવ્યો. ૧૪૫ ભાર વાહકો પૂ. માના હાથે કૃપા પ્રસાદ પામ્યા.

પોતાના અને પરિવારના સભ્યોના અસ્તિત્વને ટકાવી રાખવા ભારે પરિશ્રમ વેઠતી આ બેનોને જોઈને સહૃદયી માનવનું દિલ દ્રવી ઊઠે તેવું હોય છે.

માથે મણ બે મણ લાકડાંનો ભારો લઈ, તેઓ પાંચ છ

કિલોમીટર ચાલીને આવતાં હોય છે. આવા ભારે પરિશ્રમ પછી ભૂખ તો લાગે જ. એટલે જ પૂ. માનો આ પ્રસાદ તેમને માટે ચાલીને પાછા જવામાં શક્તિ પૂરનારો બની રહે છે. વળી પાછો આ તો માનો પ્રસાદ!

## પૂ. માનું મોટું સત્કર્મ

હળાદ વનવાસી કન્યા છાત્રાલયની ૫૦ બેનોને પનામાના ભાઈ શ્રી દિવ્યેશભાઈ અને તેમના પુત્ર તીર્થ તરફથી તા. ૧૮–૧–૨૦૦૯ ના રોજ ગરમ સ્વેટર અને ધાબળો, થાળી, વાટકો, ગ્લાસ ને ડીશ આપવામાં આવ્યાં, ઉપરાંત પ્રસાદ પણ. શ્રી દિવ્યેશભાઈ શ્રી ગુલાબબેન અને વસંતભાઈના પુત્ર છે અને પનામા રહે છે. પૂ. મા સર્વેશ્વરી તથા એમની માતાની પ્રેરણાથી તેઓએ આ સત્કર્મ કર્યું.

આ પ્રસંગે વ્યવસ્થાપક પાસેથી પૂ. માને જાણવા મળ્યું કે છાત્રાલયમાં વિદ્યાર્થીઓ માટે આ ઠંડીમાં ઓઢવાનાં પૂરતાં નથી, તેથી છાત્રોને ઠંડી વેઠવી પડે છે. આ સાંભળી પૂ. માએ સ્વર્ગારોહણમાં આવનાર સાધકો માટે વપરાતા ૫૦ ચોરસા બીજા જ દિવસે આ છાત્રાલયે પહોંચતા કર્યા. પૂ. માના આવા અનુકંપાશીલ સત્કર્મથી છાત્રાલયના સંચાલકો ને છાત્રો ખૂબ અભિભૂત થઈ ગયા. પૂ. માનો ખૂબ આભાર માન્યો.

ચોરસા આપતાં પૂ. માએ નોંધ્યું કે જ્યારે બે સ્થળે સરખી પરિસ્થિતિ હોય, ત્યારે થોડી અગવડ વેઠીને બીજાને ઉપયોગી થવાતું હોય તો તેમની દૃષ્ટિએ તે શ્રેષ્ઠ દાન છે.

સાચે જ પૂ. મા જેવાં સંત જ આવું વિચારી શકે.



# પતિતામાંથી પતિતપાવની બનેલી હરિદાસી

નારાયણ હ. જાની

શ્રી રામકૃષ્ણ પરમહંસના પ્રાદુર્ભાવ પહેલાં બંગાળમાં નવદ્વીપમાં શ્રી ચૈતન્ય મહાપ્રભુ થયા. એમણે કૃષ્ણકીર્તનનો અદ્‌ભુત મહિમા લોકોને સમજાવ્યો. કીર્તનભક્તિની અનોખી લહર એમના યુગમાં સમગ્ર સમાજ ઉપર ફરી વળી. જાણે કે શ્રી ચૈતન્યદેવ એ કૃષ્ણકીર્તનભક્તિનું સાકાર સ્વરૂપ જ ન હોય! ખુદ પ્રભુ પોતે જ પોતાની પ્રેમભક્તિની લોકોને શિક્ષા ધરવા ન આવ્યા હોય!

શ્રી ચૈતન્ય મહાપ્રભુના સાથી સ્વામી નિત્યાનંદ—એવા જ કૃષ્ણ પ્રેમી. 'નિમાઈ ને નિતાઈ' ના વહાલભર્યા નામે ભક્તો આજેય એમને યાદ કરી એમના નામની અખંડ ધૂન બોલાવે છે. કૃષ્ણકીર્તનનો મહિમા એમણે ખૂબ વધાર્યો. લોકોને શુષ્ક વેદાંતને બદલે ભગવાન કૃષ્ણની લીલાઓનો દિવ્ય બોધ આપ્યો ને પ્રેમ લક્ષણા ભક્તિનો મહિમા ગાયો.

શ્રી ચૈતન્યદેવના અનેક—ભક્તો થયા. એ બધા ઉત્તમ કોટીના મુક્ત જીવો જ પૃથ્વી ઉપર તેઓશ્રીના યુગકાર્યમાં મદદરૂપ થવા જાણે કે ન આવ્યા હોય એમ લાગતું.

મહાત્મા હરિદાસ એવા જ એક અદ્‌ભુત સંત. જન્મે મુસલમાન હોવા છતાં, કૃષ્ણપ્રેમની દીક્ષા સાથે જ જન્મેલા. શ્રી ચૈતન્યદેવના પરિચયમાં આવ્યા પછી સર્વસ્વનો ત્યાગ કરી તેઓ સતત ૧૮-૨૦ ક્લાક ભગવાન કૃષ્ણના જાપ કર્યા કરતા. નવદ્વીપમાં તે વખતે મુસલમાની નવાબનું શાસન. એક જન્મે

મુસલમાન આવી રીતે ખુલ્લેં ખુલ્લા કૃષ્ણ કીર્તન કરે તે એ વખતનો રૂઢિચુસ્ત સમાજ શી રીતે ચલાવી લે! નવાબના મળતિયાઓએ પહેલાં તો મહાત્મા હરિદાસના કંઈક દોષો શોધવા પ્રયાસ કર્યો. પરંતુ એમનું જીવન તો ખુલ્લી કિતાબ જેવું હતું. પ્રભુના સતત કીર્તન ને નામજપ સિવાય એમની બીજી કોઈ પ્રવૃત્તિ ન હતી. વર્તમાન પરિસ્થિતિથી સાવ અલિપ્ત એવા એ પોતાની સાધનામાં એવા તો ડૂબેલા રહેતા કે તેઓ કદી ભાગ્યે જ કોઈની સાથે વાત પણ કરતા.

આથી તેમના વિરોધીઓએ એમને એમના ચારિત્ર્યથી ભ્રષ્ટ કરવાનો ઉપાય વિચાર્યો. તેમાં નવાબની સહાય લીધી.

આખરે એક સ્વરૂપવાન નૌયૌવના ગણિકાને એમણે આ કાર્ય માટે પ્રસન્ન કરી. એને કહેવામાં આવ્યું કે કોઈ પણ ભોગે એણે મહાત્મા હરિદાસને તેમની સાધનામાંથી ચલિત કરવાના છે અને એની મોહપાશમાં ફસાવવાના છે. જો એ કાર્યમાં સફળ થશે તો એને મોટી બક્ષીસ આપવામાં આવશે.

મહાત્મા હરિદાસની ઉંમર તે સમયે નાની. યૌવનનો પ્રારંભ જ. એમાં એક સ્વરૂપવાન નવ યૌવના, સર્વ શૃંગાર ને સાજ સજી એમની સમક્ષ આવીને ઊભી રહી. એણે સ્ત્રી ચરિત્રનાં અનેક પ્રલોભનાત્મક ચેન ચાળા દ્વારા પોતાનું કાર્ય કરવા માંડ્યું.

પ્રથમ તો ગણિકાને થયું કે મહાત્મા એના જપ પૂરા કરી નવરા પડે એટલે એમની સાથે પ્રેમાલાપ કરશું. પરંતુ એની એ ધારણા ખોટી ઠરી. મહાત્મા તો વહેલી સવારે ઊઠી જપ કરવા બેસી જતા તે એમના જપ છેક સાંજ સુધી સતત ચાલતા જ રહેતા.

'એને થયું, ચાલો રાતે તો નવરા પડશે ને? પણ એ



ધારણાય ખોટી પડી. રાત્રે ખૂબ જ અલ્પ નિદ્રા લઈ એ નામજપ કરવા બેસી જતા.

આ જોઈને ગણિકાને નવાઈ લાગતી. આ કેવો માણસ! "હું આટ આટલા શૃંગાર સજી મારી જાતને એને સમર્પિત કરવા આવી છું, છતાં એ તો આંખ ઊંચી કરીને મારી સામે જોતોય નથી! એને હૃદય કે ભાવ જેવું કઈ છે નહિ? કે પછી એ શું પાગલ છે? જેને બીજી કશી સૂઝજ નથી!" એ મનમાં આમ વિચારતી રહેતી.

જેણે પ્રભુનું નામસ્મરણ કદી કર્યું નથી, ને સાચા સંત મહાત્મા કે ઓલિયા કેવા હોય એની જેને કોઈ જાણ નથી, તેવી બિચારી ગણિકા મહાત્મા હરિદાસને શી રીતે સમજે! એનો સમગ્ર ઉછેર વિલાસ વૈભવમાં થયેલો. શરીરના શૃંગાર વડે લોકોના ચિત્તને ચંચળ કરી આકર્ષિત કરવાની જ એની પ્રવૃતિ. તેને પ્રભુના નામમાં લીન બની જનાર હરિદાસની પરખ શી રીતે થાય! છતાં એમ એ પરાજય સ્વીકારી લે એવી ન હતી.

એણે મન સાથે નક્કી કર્યું. હવે દિવસ રાતનો ઘણો સમય એની સામેજ બેસવું. ઉત્તમોત્તમ શૃંગાર સજીને, રોજરોજ એની પરીક્ષા કરવી. જોઉં છું કેટલા દિવસ મારા નયનોનાં કટાક્ષથી એ બચી જવા પામે છે?

પરંતુ હરિદાસનું લક્ષ તો પોતાની સાધનામાં એવું તો ડૂબેલું હતું કે એને આ ગણિકા સામે જોવાનું કે એના શૃંગાર નિરખવાની ફુરસદજ ક્યાં હતી!

ગણિકા પણ વહેલી સવારથી શૃંગાર સજી હરિદાસના રહેઠાણ પાસે હાજર થઈ જતી. તે ગમે તેટલી વહેલી આવે પરંતુ મહાત્મા હરિદાસનો "હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણકૃષ્ણ

હરેહરે'' નો જપધ્વનિ વાતાવરણની લહેરો ઉપર પ્રવાહિત થતો એના કાને અથડાતો. પછી તો તે સામે આવીને બેસતી. હરિદાસને જોયા જ કરતી. હરિદાસના પ્રભુના નામોચ્ચારના આંદોલનોનો પવિત્રસ્પર્શ એના અજ્ઞાત મન ઉપર પડતો રહેતો. પણ એને એની ક્યાં ખબર હતી?

આમ એક નહિ, બે નહિ પણ દસ દસ દિવસ વીતી ગયા. ગણિકાને પણ હવે મહાત્મા હરિદાસ પાસે જવાનું અજ્ઞાત રીતે ગમતું. રોજ રોજ એને થતું ''આજે તો મારા સૌંદર્યથી એને પરાજિત કર્યા વિના રહેવાનીજ નહીં.''

પરંતુ આ ધારણા પૂરી ન થઇ, ઠગારી નીવડી. ઉલટું, એનું આંતરિક મન વિચારવા લાગ્યું કે એક માણસ જે ભગવાનનું નામ લે છે, તેને પાડવા હું કેવા ખરાબ મનોરથથી સેવી રહી છું!

અને ધીરે ધીરે એ વિચાર મનમાં પ્રબળ બની ગયો. એટલે એને પોતાની જાત ઉપર તિરસ્કાર આવ્યો. પોતાના આવા કામ તરફ નફરત થઇ. એના અજ્ઞાત રીતે પવિત્ર થઇ ગયેલા મને—મહાત્મા હરિદાસના શરણે જવા નક્કી કર્યું.

અને પછી એણે જોતજોતામાં પોતાના બધા શૃંગાર ત્યજી દીધા. સાદાં પવિત્ર વસ્ત્રો ધારણ કરી, એ મહાત્મા હરિદાસના ચરણમાં આવી ઢળી પડી.

જેને જીતવા આવી હતી, એણે વગર બોલ્યે જીતી લીધી. પોતે પાડવા આવી હતી, પરંતુ પ્રભુ નામનો સ્પર્શ ઝીલી ઉધ્ધાર પામી ગઇ. એણે હરિદાસને ચરણે પોતાનું જીવન સમર્પિત કર્યું. એક પતિતા પતિતપાવની બની ગઇ! પશ્ચાતાપના ઝરણામાં સ્નાન કરી નિર્મળ બનેલું એનું મલિન મન એક સંતના સાન્નિધ્યમાં સાંપડતા શાંતિનો સંસ્પર્શ પામી, હરિભક્તિના રંગે



રંગાઇ ગયું.

હરિદાસને પાડવા આવેલી એક ગણિકા—પતિતા—હરિદાસી બની ગઇ! કેવું અદ્‌ભુત પરિવર્તન! ને પ્રભુના પ્રેમમાં એક મહાન સ્ત્રી ભક્ત બની ગઇ!

મહાત્મા હરિદાસ સાથે હરિદાસીનું નામ સદાને માટે જોડાઇ ગયું. હરિના દાસની એ દાસી બની અમરત્વ પામી ગઇ.

કહેવાય છે કે જગન્નાથપુરીમાં મહાત્મા હરિદાસની સમાધિ સામેજ એની પણ સમાધિ છે. જીવન દરમ્યાન તો ખરું પણ મૃત્યુ પછી પણ પોતાના ઉધ્ધારકનું સાનિધ્ય છોડવાનું શું એને નહિ ગમ્યું હોય?

વિવેકના વધારાથી સુખ છે, ને અવિવેકથી દુઃખ છે.

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# સુવર્ણચંદ્રક એનાયત સમારોહ

ડો. બી. જે જાગાણી

ભાવનગર યુનિવર્સિટીને સને ૧૯૯૩ માં પૂ. મા સર્વેશ્વરી તરફથી જુદા જુદા ચાર વિષયોમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ પ્રથમ આવનાર વિદ્યાર્થીને મહાત્મા યોગેશ્વરજી ગોલ્ડ મેડલ તેમજ પારિતોષિક આપવામાં આવે તે માટે નિયમ પ્રમાણેની રકમ આપવામાં આવેલ.

સને ૨૦૦૭ ના વર્ષમાં એમ. એસસીમાં શ્રી રામાણી જીતેન્દ્રકુમાર છન્નાભાઇને, એમ. એ. ગુજરાતીમાં મકવાણા શિલ્પાબેન વાલજીભાઇને, બી. ઇ. પ્રોડક્શનમાં રોઠોડ અંજનકુમાર અશોકકુમારને પૂ. શ્રી યોગેશ્વરજીના પ્રતિનિધિ તરીકે શ્રી નારાયણભાઇ જાનીના હસ્તે વાઇસ ચાન્સેલર શ્રી ત્રિવેદી સાહેબની ઉપસ્થિતિમાં તા. ૨૬—૧—૦૯ ના રોજ ખાસ સમારંભમાં ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા. તો બી. એ. ફિલોસોફીમાં પ્રથમ આવનાર ડાભી અવિનાશકુમાર લધરભાઇને પારિતોષક આપવામાં આવ્યું.

ભાવનગર યુનિવર્સિટીમાં ત્રણ ગોલ્ડ મેડલ અને એક પારિતોષિક આપનાર દાતા મહાત્મા શ્રી યોગેશ્વરજી વતી મા સર્વેશ્વરી એક જ છે. બીજા દાતાઓએ આપેલ દાન મોટેભાગે એકાદ વિષય માટેનું છે.



# નાગા જોગિયા

ભક્ત સત્સંગી

સૂરા ખાચરને દરબારના એકાંત ભાગમાં ઉતારો આપી, સાંજનું વાળું કરાવી વાજસુર ખાચર પોતાના દરબારમાં જવા નીકળ્યા. રસ્તે જતાં જેલખાનું આવતું. એમાં પૂરાયેલા કેદીઓને દરબારના માણસો મારી રહ્યા હતા. એટલે એમની બૂમો છેક રસ્તા સુધી સંભળાતી ને એ કેદીઓના સગાઓ જેલના દરવાજે ઊભા ઊભા રડતા હતા.

વાજસુર ખાચર સ્વભાવે ક્રૂર હતા. એમણે જેલ આગળનું આ દ્રશ્ય જોયું. પરંતુ એમનું કઠોર હૃદય જરાય પીગળ્યું નહિ. ઉલ્ટું એમને રમુજ સૂઝી અને પૂછ્યું ‘‘આમાં કોઇ સ્વામિનારાણિયો છે કે? હોય તો એને કહો કે એના ભગવાનને સંભારી લે! જોઇએ કેવો બચાવવા આવે છે.’’

આમ કહી દરબાર આગળ ચાલ્યા. ત્યાં એમને નાગા જોગિયાનો ભેટો થઇ ગયો. દરબાર એને ઘણા વખતથી ઓળખતા. એટલે રમુજ ખાતર પૂછ્યું, ‘‘જોગિયા, શું ચાલે છે?’’

‘‘બાપુ કંઇ નહિ. સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરું છું.’’

‘‘એમ એ ભગવાન ક્યારના થઇ ગયા કે તું એમને યાદ કરવા માંડ્યો?’’

‘‘બાપુ ભગવાન હોય એને જ ભગવાન કહેવાય. એનું જ નામ જપાય.’’

"એનું નામ જપવાથી તારું શું કલ્યાણ થવાનું?"

"બાપુ, ભગવાન આપણી સંભાળ રાખે. આપણા દુઃખમાં મદદગાર થાય; એમને યાદ કરવાથી આપણું કલ્યાણ થાય."

"કહે જોઈએ, અત્યારે તારા ભગવાન ક્યાં છે?"

"એ તો મને શી ખબર?"

"તો જોઉં તારા એ ભગવાન તારી કેવી મદદે આવે છે? આવતી કાલ સવાર સુધીમાં જો એ તને મારી જેલમાંથી છોડાવી જાય, તો જાણું કે તારો એ ભગવાન સાચો, નહિ તો સવારે ડાંગે ડાંગે તારા પગ ભાંગી નંખાવીશ." કહી દરબારે એક જમાદારને બોલાવી એને જેલમાં પૂરાવી દીધો.

નાગા જોગિયાને તો ભગવાન સ્વામિનારાયણ ઉપર અનન્ય શ્રદ્ધા. જેલમાં પૂરી દીધો છતાં એના મનમાં કોઇ ભય નહિ. એ તો સ્વામિનારાયણનો જાપ કરતો રહ્યો.

જેલના અંદરના ભાગમાં એક ઝાડ નીચે ઓટલો હતો. તેના ઉપર નાગા જોગિયા તો સાચા દિલથી પ્રભુને પોકારવા લાગ્યો. હૃદયના ઊંડાણમાંથી નીકળતી એની આર્તવાણી ભગવાનને પહોંચ્યા વગર થોડી રહે! સાંજ ઢળી અને રાત પડી એમ નાગા જોગિયાની વાણી વધુ ને વધુ આર્ત બનતી ગઇ. ભગવાન સ્વામિનારાયણની એની ધૂન વાતાવરણમાં પ્રસરવા લાગી. પ્રારંભમાં તો જેલના બીજા કેદીઓ આ વિચિત્ર કેદીને કંઇ પણ ભય વગર બેઠેલો જોઇ નવાઇ પામ્યા. એમને થયું કોઇ ગાંડો છે! નહિ તો વાજસુર ખાચરની જેલમાં પૂરાયા પછી, આમ નિર્ભિક રીતે ભગવાનનું નામ થોડો બોલી શકે! કાલે સવારે બિચારાનો ખાંસ નીકળી જવાનો, ભલેને અત્યારે ગમે તેટલી મોટેથી ધૂન બોલાવતો!



તો બીજા બે ચાર કેદીઓ એની પાસે આવ્યા ને એ પણ ધીમે ધીમે બોલવા લાગ્યા.

એમણે બીતા કેદીઓને ધરપત આપવા માંડી કહ્યું, 'બીઓ છો શું કરવા? આપણી રક્ષા કરનારો હજાર હાથ વાળો છે પછી ભય કોનો?' આમ છતાં શ્રદ્ધા વિહોણા કેદીઓને ભગવાન પર ભરોસો બેસે કેમ કરીને! જીવનમાં કદી ધર્મયુક્ત આચરણ ન કર્યું હોય, સત્સંગ ન સેવ્યો હોય, કે સાધુ સંતોની સેવા ન કરી હોય, એની જીભે પ્રભુનું નામ જલ્દીથી નથી આવતું. છતાં કૌતુકથી પ્રેરાઈ કેટલાક કેદીઓ નાગા જોગીયાની ધૂનમાં જોડાયા.

એમની ધૂન સાંભળી જેલના દરવાજે બેઠેલો જમાદાર મૂછમાં, હસતાં હસતાં બીજાઓને કહેતો "આજે જેટલા જોરથી બરાડવું હોય એ બરાડી લે. કાલે સવારે એની ખબર ખુદ દરબાર જ લેશે. આ તાળીઓ પાડતા હાથ પહેલા ભાંગશે, યાદ રાખજો."

નાગા જોગિયા કહેતો, "ભાઈઓ એના કહેવાથી ગભરાવ છો શાના? આપણી લાજ ભગવાન રાખશે. આપણને એ જ છોડાવશે." એની વાણીમાં ભારોભાર શ્રદ્ધા ભરી હતી.

નાગા જોગિયાની આર્તવાણી વડનગરમાં સભામાં બેઠેલા શ્રી સહજાનંદ સ્વામીના અંતરમાં પહોંચી ગઇ. એમણે તુરત જ સત્સંગીઓને કહ્યું—અમારે અત્યારે જ નીકળવું પડશે. કાલ સવાર સુધીમાં ન પહોંચીએ તો મારા આશ્રિતની લાજ જાય, ભેગી અમારીય.

એમ કહી મહારાજ ઊભા થયા.

સાધુઓએ પૂછ્યું "મહારાજ ક્યાં જાઓ છો! આવતી કાલે

સવાર પહેલાં અમારે જસદણ પહોંચવાનું છે.''

''ઓહોહો! એટલે દૂર કેમ પહોંચશો? ચોમાસાના દિવસો છે. વચમાં કંઇક નદીઓ આવે છે. એમાં પૂર હશે.''

પણ આવા અંતરાયોને ગણે તો એ ભગવાન શેના? એ તો ઘોડી ઉપર સવાર થયા. સાથે મૂળજી બ્રહ્મચારીને લીધા.

અંધારું થતાં વઢવાણ પહોંચ્યા તો ભોગાવો બે કાંઠે વહે. ભારે ઘોડાપૂર. મહારાજે મૂળજી બ્રહ્મચારીને ત્યાં એક દેરીમાં રોકાવા કહ્યું ને મહારાજ પૂર પાર કરી વઢવાણની બજાર સોંસરા નીકળ્યા. ત્યાં ભાણજી મહેતા એમને ઓળખી ગયા. પગમાં પડ્યા ને ઘેર પગલાં કરવા વિનંતી કરી.

મહારાજે કહ્યું—પહેલાં મૂળજી બ્રહ્મચારી સામે કાંઠે દેરીમાં છે. એમને તરાપા મોકલી તેડી મંગાવો. ત્યાં સુધી હું અહીં રોકાઉં છું.

શેઠે પૂરમાં તરાપા મોકલી મૂળજી બ્રહ્મચારીને તેડાવી મંગાવ્યા બસ, મહારાજે કહ્યું—હવે અમે નીકળીએ. અમારે સવાર પહેલાં જસદણ પહોંચવું છે, નહિ તો અમારા ભક્તની લાજ જાય.

'પણ મહારાજ, આટલી રાતે!'

અમારે માટે રાતે મુસાફરી કરવી એ નવી વાત નથી. તમે બ્રહ્મચારીને રાખો. અમે નીકળીએ.

ને મહારાજ જોતાંજોતાંમાં ઘોડેસ્વાર થઇને રવાના થઇ ગયા.

મહારાજ જસદણ પહોંચ્યા ત્યારે સવારે ચાર થયા હતા. વાણુ વાવાને હજી બે કલાકની વાર હતી. એમણે જેલના દરવાજે જઇ જમાદાર ને બૂમ પાડી. નાગા જોગિયા જાગતા જ



હતા. એને સૌથી પહેલાં એમનાં દર્શન થયાં. એણે ઊંઘતાં ચોકીદારને ઢંઢોળ્યો ને કહ્યું, ''અલ્યા ઊઠ. દરબારને જગાડી કહે કે સ્વામિનારાયણ નાગા જોગિયાને છોડાવવા આવ્યા છે.''

જમાદાર તો આંખ ચોળતો મહારાજને જોઇ અવાક થઇ ગયો. એ કલ્પી શક્યો નહિ કે આ સ્વામીનારાયણ અહીં ક્યાંથી આવી ગયા!

મહારાજ કહ્યું, ''નાગા, ચાલો મારી સાથે આપણે દરબારને નથી મળવું. એ મહાપાપી માણસ છે.''

'ના મહારાજે. એને મળ્યા વગર મને લઇ જશો તો ફરી પાછો મને જેલમાં પૂરી દેશે. વળી આ બિચારા કેદીઓ પણ રીબાય છે! પ્રભુ એમને છોડાવો.'

નાગા જોગિયાની વાત સાચી હતી. મહારાજ દરબારમાં જવા સંમત થયા. જમાદારે જઇ દરબારની ડેલી ઠોકી જગાડ્યા. એ તો સ્વામીનારાયણ મહારાજને જોતાં જ આભા બની ગયા! એમના પગમાં પડીને કહેવા લાગ્યા—તમે ભગવાન સાચા, મને ક્ષમા કરો. કહી એણે મહારાજને બેસવા વિનંતી કરી. મહારાજે કહ્યું. ''આવી ક્રૂરતા માણસો ઉપર ન થાય. ત્રાસથી માણસ થોડો સુધરે? પ્રેમ અને ધર્મથી સુધરે.''

પછી મહારાજે બેસતાં કહ્યું, ''તો પહેલા સૂરા ખાચર અમારા ભક્ત તમારા મહેમાન છે, એમનેય બોલાવો. એ અમારા દર્શન કરે.''

દરબાર કહે ''મહારાજ એ તો સૂતા હશે. એમની અત્યારે શું કામ ઊઠાડવા છે?'' દરબાર સમજતા હતા કે સૂરા ખાચર તો તેમણે મોકલેલી સ્ત્રી સાથે રંગરાગમાં પડ્યા હશે. પરંતુ જ્યારે એમણે જાણ્યું કે સૂરા ખાચર તો દરબારની મેડીએ નથી, ત્યારે

એમણે પેલી બાયને તેડી મંગાવી! બાય બીચારી શું બોલે! એણે ડરતા કહ્યું. ''એ તો મને માવડી કહી, મારો હાથ છોડવી ઊભા થઇ ગયા! એમને હું શી રીતે રોકી શકું?''

હવે વાજસુર ખાચરને ખાતરી થઇ કે મહારાજના ભક્તો પણ અણિશુદ્ધ ચારિત્રવાળા છે.

એમણે ફરી ફરી મહારાજની ક્ષમા માંગી, પસ્તાવો જાહેર કર્યો.

મહારાજે કહ્યું, ''જો ખરેખર પસ્તાવો થતો હોય તો તેનું પ્રાયશ્ચિત કરો.''

''શું પ્રાયશ્ચિત કરું?''

''આજથી જ આવી ક્રૂર સજા કરવાનું બંધ કરો.''

''મહારાજ, અમારા રાજમાં કોળી, ભીલ છે ને તેઓ ચોરી કરે એમને દંડ ન આપીએ તો સીધા થાય શી રીતે?''

''એમને સીધા રાખવાની તમારી આ રીત બરાબર નથી. ઊંચનીચના ભેદ હશે, ગરીબાઇ ને પછાતપણું હશે. ત્યાં સુધી આવું રહેવાનું. અમે એનોજ ઉપાય કરીએ છીએ. અમારા કાર્યમાં શ્રદ્ધા રાખો. માણસ ધર્માચરણ ને પ્રેમથી જ સુધરે છે.'' કહી મહારાજ ઊભા થયા.

નાગા જોગિયા ને વાજસુર ખાચર બંન્ને એમને પગે પડ્યા. અત્યારે એક નહિ પણ બે ભક્તો એમને વંદી રહ્યા.

મહારાજે નાગા જોગિયાની ટેક સાચવી, વાજસુર ખાચરનું જીવન સુધાર્યું. કેવી અદ્‌ભુત શક્તિ ને કેવો અદ્‌ભૂત પ્રેમ ને ક્ષમા!



# નિત્ય નોંધ

**મા સર્વેશ્વરી**

### તા. ૨૨–૧૧–૦૭

હે હરિ, આ પૃષ્ઠો ઉપર જે જે પ્રાર્થના લખીએ છીએ તે તે સંભળાય છે. ૩૩૪ માળા કરાવજો તો તે આજે થઇ ગઇ છે.

મંત્રજપમાં શ્રદ્ધા જગાડી છે તો તે જ મંત્ર નૌકા બનીને ભવસાગર પાર કરાવશે જ ને!

અહીં આ ઓરડાના પલંગ ઉપરથી બેઠા બેઠા બહારનું પ્રાકૃતિક સૌંદર્ય માણી શકાય છે. દૂર દૂર સુધી લીલાછમ વૃક્ષો, પાણી, સામાન્ય પ્રજાનું જીવન, આસપાસ ખેતરો છે. પક્ષીઓનું જાણે એક નગર છે. મુક્ત વિહાર છે. આંખને ગમે, મનને ગમે તેવું છે.

આજે સાંજે એ ખેતરોમાં કચરો કે ઘાસ બાળવા અગ્નિ પ્રકટ્યો છે. એક ઢગલો સળગાવ્યો પછી ૨ મિનિટ પછી બીજો, ત્રીજો, ચોથો. ચાર ચાર અગ્નિની પ્રચંડ જ્વાલાને જોતાં જોતાં લાગ્યું કે જાણે આપણી જ ચિતા જલી રહી છે. બધું જ ભસ્મીભૂત. બધું જ અગ્નિ દેવતાએ પોતાના ઉદરમાં સમાવી લીધું.

એક દિવસ આપણે પણ એમાં સૂઇ જવાનું છે. સૂતાં પહેલાં સર્વ દુષ્કૃત્યો, દુર્વિચારોને દફનાવી દેવાની વાત સ્મરણ પટ્ટ પર રમતી રહી.

આજે શ્રી નારાયણભાઇનો જન્મદિન. તેઓ ફોનમાં કહે, ''મા આશીર્વાદ આપો કે આરોગ્ય સારું રહે ને ચાલતો જ હું

સ્મશાને જઇ શકું.''

મા કહે, ''એક કામ કરો. બે દિવસ સ્મશાનમાં જાતે જ ચાલતા જઈને રહી આવો. પૂ. મોટા જેમ નડિયાદના સ્મશાનમાં રાતે સૂવા જતા, ભજનો ગાતા. તે રીતે તાલિમ લઇ લો.

સ્મશાનમાં સૂવા જવાથી સતત આપણે પણ જવાનું છે તે યાદ રહે. પરિણામે સતત જાગૃતિ રહે તો સૌ જોડે પ્રેમથી જીવી જવાય.

આજે નીલાબેનનો જન્મદિન છે. સવારે જ મા એક કલાક તેમની સાથે લખીને વાતો કરે છે.

પિતાને મન દરેક સંતાન સરખા છે. દરેકને સેવાનો હક છે. ફરજ છે. સૌને ભલે તાલિમ મળે. જે મોટા સંતાન છે તેમણે ઉદારતાથી સૌને તક આપવી જોઇએ.

રાગદ્વેષ જેટલો વધશે તેટલા કોઇ પણ યોનિમાં જન્મીને તેને વસુલ કરવા પડશે. જો દ્વેષ વધશે તો ના ગમે છતાં સાપ બનીને તેને તેને કરડવું પડશે. રાગ વધશે તો તેની તેની સાથે ફેરા ફરીને તેને વળગવું પડશે.

એના કરતાં તટસ્થ બની જે જે આપણે આંગણે આવે તેને તેને પ્રેમથી આવકારીને સેવાના ક્ષેત્રમાં તેનો સહયોગ લઇએ.

એક જ મંત્ર જપવા જેવો છે. જય કૃપાળુ મા. આવો. ચાલો બાપૂજીની સેવા કરીએ.

જે આવે તે સૌને પ્રેમથી આવકારી આ મંત્ર જપો.

અને આજે શ્રી નીલાબેને એ મંત્રજપ શરૂ કર્યા છે. તો તે મંત્રજપનું સરસ ધારેલું પરિણામ પણ પ્રાપ્ત થયું છે. બધા જ સંતાનો આજે પ્રેમથી પિતાની સેવામાં સહયોગ ધરવા સજ્જ થયા છે.



મધુર વાણીના મધુર ફળ તરત જ પરિપક્વ થઈને માણી શકાયા. તરત જ પરિણામ. હે હરિ! સૌને મધુર વાણીનું મંગલદાન દે જેથી દરેક ઘર નંદનવન બને અને પ્રેમ અને સંપનું ગીત ગાતા થઇ જાય.

શ્રી હરિએ કૃપા કરી માનવ શરીરને જ સરસ વાણી ધરી છે તો તે વાણીનો સ્વતંત્ર રીતે સર્વોત્તમ ઉપયોગ કરીને જગતને જીતી લેવાની તક મળી છે તો આ સૃષ્ટિના સર્જનહારને એ જ વાણીથી, મંત્રગાન દ્વારા, ભજન દ્વારા, મધુર મીઠા બોલ દ્વારા પ્રસન્ન કરી લેવાના છે. હે હરિ! આ માને પણ એવી જ મધુર મંગલબંશી બનાવી દે. એના ઉપર હે હરિ! તારે જે ગીત, ભજન, મંત્ર વહેવડાવવા હોય તે વહેવડાવી દે. આ માધ્યમને સર્વપ્રકારે સ્વચ્છ, શુદ્ધ, મધુર, મંગલ, પવિત્ર, પૂજનીય, પ્રેરક કરી દે જેથી તું જગતને એક આદર્શ પાત્ર બતાવીને તારું જ મહિમાગાન ગાઇ શકે. તારે તો અગણિત પાત્રો છે. આ હરિમંચને જ પ્રથમ પસંદગી ધરી એને સર્વશ્રેષ્ઠ સાધનાના શણગાર સજાવી લે.

હે પરમપિતા પરમેશ્વર, હે સર્વેશ્વરીના સમર્થ શ્રેષ્ઠ સખા, તારા શ્રી ચરણે લક્ષકોટી પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.

**તા. ૨૩–૧૧–૦૭, મુંબઇ**

ભારતનું પ્રભાત જાણે પવિત્ર પ્રેરક સંદેશ ધરતું પ્રગટે છે. જપી લે, જપી લે, જપી લે. સ્વસ્થ શરીર છે સ્વસ્થ મન છે ત્યાં સુધી તું જાતે જ જપી લે, તપી લે. સાધનાનું શ્રેષ્ઠ ભાથું બાંધી લે.

ક્યારે આ દેહ કરવટ બદલે ને પથારીવશ લાચાર થઇ જાય, સૌની વઢ ખાતું થઇ જાય તે કોણ કહી શકે? રાજા કે રંક,

પ્રિય કે અપ્રિય, વૃદ્ધ કે યુવાન, વિદ્વાન કે અજ્ઞાની સૌ એના સુખદુઃખથી વંચિત નથી.

જાગ, જાગ, જાગ, જપી લે, જપી લે, જપી લે. બસ આ જ મંત્ર. આ ઘરના વડીલ સ્વજન શ્રી હરગોવિંદભાઈની માંદગી સંભળાવી રહી છે.

ભૂખ લાગતી હશે, તરસ લાગતી હશે, મનની મૂંઝવણ કહેવી હશે, વાંચવું હશે, લખવું હશે, ફરવા જવું હશે, મિત્રોને મળવું હશે. પરંતુ શરીરના બધા જ અંગોએ સાથે મળીને સત્યાગ્રહ શરૂ કર્યો છે. તમારી સર્વ ઈચ્છાઓને અમે હવે કોઈ પણ પ્રકારનો સહયોગ ધરવાના નથી.

આ લાચાર, પરવશ, સૌની દયાનું પાત્ર, સૌના ચિંતન મનનો વિષય, સૌની સેવાના ક્રમ, સૌની પ્રાર્થનાનું પાત્ર આ વૃદ્ધાવસ્થા બની ગયું છે.

જોકે અહીં બધા જ સંતાનો ખૂબ જ પ્રેમથી સર્વોત્તમ સંભાળ લઈ રહ્યા છે છતાં માને તે સતત જગાડતી રહી છે.

અને એટલે જ આજે પણ માની ૩૩૪ માળા થઈ ગઈ છે. આવતી કાલે માના શરીરને પણ એવી પરવશતા આવે તો ત્યારે કશું જ થઈ શકવાનું નથી. આજે સ્વસ્થ શરીર છે તો જપી લેવાનું માના મનઅંતરે ઉગી ગયું છે.

માને ઢંઢોળવા જ વિદેશથી અહીં ઉતારી દીધાં છે કે જોઈ લો વૃદ્ધાવસ્થા.

આજે બેન નીલાને નિમિત્તે કરીને આ માની સ્લેટ પોતાનો સંદેશો ધરી ગઈ છે. એ સ્લેટના સ્વામી પરબ્રહ્મ પરમાત્મા શ્રી ગુરુભગવંત છે. તેમણે જે કહેવાનું હોય તે આ સ્લેટ દ્વારા પોતાનું બુલેટીન બહાર પાડે છે.



આજના બુલેટીનમાં નીચે મુજબના વાક્યો લખાયાં. માને પણ એ બધું લખાતું હતું ત્યારે હંમેશ મુજબ અચરજ લાગતું હતું.

અરે, ઓ નીલાબેન, પિતાજીની સર્વોત્તમ સેવા કરો છો તે ખૂબ સારી વાત છે. પણ પરમાત્માનું સ્મરણ કે તેને પ્રણામ કે તેના પાઠ પણ ના ભૂલો. પિતાજીની સંભાળ રાખો પણ નર્સ બનીને, તટસ્થ બનીને. અમારા વિના કોઈ એમને સરસ રીતે ના સંભાળી શકે એવું જો મનમાં હોય તો તે કાઢી નાખવા પ્રયત્ન કરવા.

દર્દીના ઈશારા કે અસ્પષ્ટ વાણી તમારી દીકરી પણ ના સમજી શકે તો પણ તમે સ્વસ્થ રહો. જેને જેટલું ને જેવું સમજાય તેવું ને તેટલું તે પિતાની પડખે રહી પિતાની સેવા કરશે. બધા જ સંતાનો પિતાને સુખી કરવા ઈચ્છે છે તો તેમને પણ તક આપવાની છે.

પિતાજી માટે જે સતત ચિંતન ને તેમની ચિંતા જે તમારા મનમાં ચાલ્યા કરે છે તેને પણ હળવી કરો. પિતા પ્રિય છે. એના જ ચિંતન મનનના પરિણામે એ જ પાછા બીજા જન્મે મળશે. લોહીની સગાઈ કે જે જે સંતાનો છે તેમને પણ તેમનું ધ્યાન રાખવા દો.

તમે જો ૨૪ કલાક તમારા આ પિતાનું સતત સ્મરણ, ચિંતન, મનન કર્યા કરશો તો એ પ્રિય પિતા પાછા તમને લક્ષચોર્યાસીમાં લઈ જશે. તમને તો લઈ જશે અને પાછા એ એકલા ના મળે. એના જે જે પ્રિય પાત્રો છે તે આખી સેના લઈને તમને મળશે.

જેમકે તમને આ તમારા પિતાજી ખૂબ પ્રિય છે એટલે એ

તમને બીજા જન્મે મળશે. પણ પિતાજીના જે અતિપ્રિય સંતાનો છે ભારતી કે કીર્તિ કે પ્રકાશ કે અનિલ એ બધાને પણ પિતાજી સાથે જ લાવશે. જેમ તમારા પ્રિય પિતાજીનું ચિંતન કરીને તેને લાવો તે રીતે પિતાજી પણ પોતાના પ્રિયનું ચિંતન કરીને સાથે જ લાવશે.

તો તમે તટસ્થ રીતે વિચારો કે તમારે પિતાજી અને તેમની લોહીની સગાઇની સેના જોઇએ છે!

ના.

તો પછી તમે મનમાંથી અહંકાર કાઢી, સગા નહીં નર્સ બની, ડોક્ટર બની, તટસ્થ બનીને સૌની જેમ સેવા કરી લો. સંભાળ રાખો ને પિતાજીની હાશ પામી લો.

સેવામાં એક ટાંકણી જેટલી પણ કચાશ ના રાખો, છતાં અલિપ્ત રહો, તટસ્થ રહો. એમની લોહીની સગાઇના સંતાનોને પણ સેવાની એક સરખી તક ભલે મળે. તે સંતાનો જેવી કરે તેવી સેવામાં તમે નર્સ બની સહયોગ ધરો. સતત યાદ રાખો કે આ દર્દી છે. તેને સર્વોત્તમ રીતે સંભાળવાના છે. પિતા તરીકેનો જે મમત્વભર્યો લગાવ છે, તેને હવે હળવો કરવો પડશે; કારણ કે હવે ઘડપણથી ઘેરાયેલું શરીર છૂટશે. તમે ક્યાં સુધી એને પકડી રાખશો? એ એના આ શરીરને છોડીને આગળની યાત્રા કરશે. એ એમના જૂના કે નવા સ્વજનોનાં સ્મરણો વધારશે કે ઘટાડશે પણ એ એકલા જ એ યાત્રા કરશે. તે યાત્રામાં તમે કોઇ સાથે નથી જવાના.

તેથી જ પિતાજી આનંદ આનંદની માળા જપે છે, ત્યારે ત્યારે તેને પ્રભુ સ્મરણ કરાવ્યા કરો; જેથી એના પણ આ બધા વળગણો જીવતા જ છૂટે. જેથી એ મુક્ત બનીને આગળની



યાત્રા કરી શકે.

આજનું આ શ્રી પરબ્રહ્મનું બુલેટીન માને પણ જગાડી ગયું છે.

હે મા, તમે પણ જો કોઇ સ્વર્ગારોહણ કે સત્યપથ, સર્વમંગલ કે અધ્યાત્મ કે તેના ભક્તસેવકો કે તમારા પરિચયમાં આવતી બેનો, દીકરીઓનું પણ સતત ચિંતન કરશો તો તે બધાં જ પાછા તમને મળશે. તમને શાંતિથી જંપવા નહિ દે. તે બધાની ચિંતા અને તે બધાના પ્રશ્નોમાં હે મા, તમે ગૂંચવાઇ જશો. તમારો સમય પણ બગડશે, બરબાદ થશે. એના કરતાં એ બધા જ પ્રશ્નો, એ બધી જ ગૂંચને હે મા, તમે મને સોંપી દો. અને તમે તમારા શ્રી હરિના સ્મરણે, મનને, ચિંતન મગ્ન બની જાવ, મસ્ત બની જાવ.

તમારું કામ માત્ર જપવાનું છે. સ્મરવાનું છે. વ્રત, તપ કરવાનું છે. બીજા બધા જ નાના મોટા પ્રશ્નો કે ગૂંચ કે ચિંતા કે ઉપદેશ કે સલાહ—સૂચના કે કોઇકને સંભાળવાની ને ફોન કે સત્સંગ કરાવવાની સઘળી ઉપાધિમાંથી હે મા, તમે મુક્ત થઇ જાવ.

માત્ર ભજસ્વ મામ્, ભજસ્વ મામ્, ભજસ્વ મામ્—મને ભજ, મને ભજ, મને ભજ. સૌને છોડીને મારી પાસે આવ. મારા દરબારે પગલા પાડવાના પ્રાણવાન પ્રયત્ન કર્યા કર. ચાલવા માંડ. હતું શું ને ગયું શું એ મંત્ર સાથે આગળ ને આગળ ચાલ. હું તારી સાથે જ છું, પાસે જ છું, પડખે જ છું. હું તને જોયા કરું છું. હું તને જગાડ્યા કરું છું. હું તને ચલાવ્યા કરું છું. હું તને તારા શ્રી હરિને દ્વાર પહોંચાડી દઇશ. તું માત્ર મારામાં જ ભરોસો રાખ, વિશ્વાસ રાખ. હું તને દગો ના દઉં. તું એકલી

નથી, હું તારી સાથે જ છું. તું માત્ર મારામાં ખોવાઈ જા. જગ આખાને ભૂલી જા. એ આખા જગતની ચિંતા કરનારો અને તેને સહાય કરનારો હું બેઠો છું. તારી બધી જ ચિંતા, તારા બધા જ પ્રશ્નો, તારી બધી જ ગૂંચ મારા શ્રી ચરણે ધરી દે. રોજ રોજ તારી પ્રણામની પૂજામાં બીજું બધું જ ધરી દે ને માત્ર ને માત્ર મને જ ભજ. મારું જ ધ્યાન રાખ.

તું ભક્તોનું ધ્યાન રાખે છે, તેના પ્રશ્નોમાં રસ લે છે તે તે પ્રવૃત્તિ સમયે તું મારું સતત વિસ્મરણ કરે છે તો હવે માત્ર મારું જ ધ્યાન રાખ, મારી જ ચિંતા કર, મારી જ અપેક્ષાનો વિચાર કર. મને શું શું પ્રિય છે, તે જ યાદ રાખ. મને જ પ્રસન્ન કરી લે.

ભક્તોના મનને પ્રસન્ન કરવાના પ્રયત્નો મારી બાજું વાળી મને જ પ્રસન્ન કરી લે.

મેં જ તારા જીવનને આ હરિ મંચે પધરાવ્યું છે. શાંતિ, આનંદ સાથે રક્ષાયેલું રાખ્યું છે. હું જ તને જીવાડું છું. મારા ધરેલા શ્વાસે તું જીવે છે. મારી શક્તિથી તું આ કલમ ચલાવે છે.

હે હરિ! આપે જે સંદેશો આ કલમ દ્વારા પ્રગટાવ્યો છે તેને નિત્ય સ્મરણમાં રખાવવાનું કાર્ય પણ આપનું જ છે. આપને જેવો ઘાટ ઘડવો હોય તેવું તેવું સ્મરણ કરાવી સાધનાનું સર્વોત્તમ ભાથું બંધાવજો.

આ મા માત્ર શ્રી હરિના જ બની રહે તો શ્રી હરિ પણ માત્ર માના જ બની રહે એવી કૃપા કરો. શ્રી હરિ અખંડ પ્રત્યક્ષ સંનિધિ સુખ ધરે અને સર્વ સંબંધો—સર્વ સ્વજનો—સર્વ સ્નેહીઓના ભાવજગત ઉપર સતત પડદો પાડતા રહે. એ સર્વ સંબંધોનો સરવાળો શ્રી હરિના શ્રી ચરણે થતો રહે એ કૃપા શ્રી



હરિ જ કરે એવી સતત પ્રાર્થના છે.

આ જગમંચે જેવા રજૂ કરવા હોય, જેવો અભિનય ધરવો હોય તેવો ધરાવજો. જેથી જેટલી જ્યાં જે રીતે તાલિમ આપવી હોય તે અપાવજો. જપાવ જો, તપાવજો. શ્રી હરિ સ્વરૂપે વીંટળાવજો. પ્રદક્ષિણા શ્રી હરિની જ કરાવજો. ચિંતન શ્રી હરિનું જ કરાવજો.

આ બધું આપનું કર્તવ્ય આપને નિત્ય સ્મરણમાં રહે એવી પ્રાર્થના છે.

પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.

(ક્રમશ:)

મંગલમયયાત્રા અમંગલમય જણાય ત્યારે સૃષ્ટિને નહિ, દૃષ્ટિને બદલવાની જરૂર છે, જે સૃષ્ટિને બદલીને સમાધાન શોધે તે ભૌતિકવાદી અને જે દૃષ્ટિને બદલીને સમાધાન શોધે તે અધ્યાત્મી. **— ભાણદેવજી**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ** તેમ જ **દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# નેપાલીબાબા

ભાણદેવજી

પારસગિરિ મહારાજને મેં જણાવ્યું,

"મેં સાંભળ્યું છે કે નેપાલીબાબા હમણાં આ વિસ્તારમાં ક્યાંક રહે છે. આપ જો તેમનું સ્થાન જાણતા હો અને શક્ય હોય તો મારી ઈચ્છા તેમની પાસે જવાની છે. દર્શન–સત્સંગ સિવાય મારો અન્ય કોઈ હેતુ નથી."

પારસગિરિ મહારાજ નેપાલીબાબાને સારી રીતે જાણે છે, અને તેમના સંપર્કમાં પણ છે. નેપાલીબાબા હમણાં ઘોરમુખાની ગુફામાં રહે છે. આ ગુફા પારસગિરિ મહારાજની કુટિયાથી બહુ દૂર નથી. પરંતુ ઘોર જંગલ અને પહાડની વચ્ચેથી ચાલવાનું છે. જેવીતેવી પગદંડી પણ નથી. રસ્તો ચઢાણ યુક્ત પણ છે. આ વિસ્તારમાં દીપડાઓની પણ ઘણી વસતી છે. માર્ગ બધી રીતે દુર્ગમ છે, પણ જેને જવું જ છે, તેના માટે દુર્ગમ સુગમ બની જાય છે. પારસગિરિ નેપાલીબાબાની ઘોરમુખાની ગુફા સુધી મારી સાથે આવવા સંમત થયા. પારસગિરિ મહારાજ અને નેપાલીબાબા, બંને સાત્ત્વિક ભજનાનંદી સંતો છે. તેમની સાથે બેસવું, સત્સંગ કરવો તે અમારો આનંદ છે. સાધુઓનો સંગ, સાધુઓ સાથે સત્સંગ, તે અમારી મૂડી છે.

ભોજન પછી થોડીવાર અમે નદી કિનારે બેઠા. પારસગિરિ મહારાજે મને કહ્યું કે આ નાનકડી નદી સુવર્ણરિખામાં અહીં થોડા વિસ્તારમાં બારે માસ પાણી રહે છે. નદીની ઉપરવાસ અને નિચાણ તરફ, બંને બાજુએ પાણી સુકાઈ જાય તો પણ અહીં



આટલા ગાળામાં નદીમાં પાણીનો થોડો ઘણો પ્રવાહ વહેતો રહે જ છે. એટલે જ અહીં રહેવું શક્ય બન્યું છે. પરિક્રમામાર્ગ વટાવીને અમે ઘોરમુખાની દિશામાં ચાલ્યા. ગિરનાર પર દત્તશિખર પાસે કમંડલકુંડનું સ્થાન છે. બરાબર તે જ સ્થાનની નીચે બોરદેવી તરફ આ ઘોરમુખાની ગુફા છે. ઘોરમુખાની પાસેથી એક જંગલીમાર્ગ દ્વારા ગિરિનાર પર ચઢી શકાય છે. આ રસ્તે જઈએ તો કમંડલકુંડ પાસે પહોંચાય છે.

ગિરનાર પર જવાના છ રસ્તા છે.

૧. ભવનાથ તળેટીમાંથી પગથિયાંનો રસ્તો છે. આ રસ્તો સૌથી વધુ પ્રચલિત છે અને સામાન્ય જનસમૂહ આ માર્ગે જ ગિરનારનું આરોહણ કરે છે.

૨. જટાશંકર પાસેથી નીકળતો નવો રસ્તો. પગથિયાંની રચના હમણાં થઈ છે.

૩. જટાશંકર પાસેથી નીકળીને સીતાવન પહોંચતો પગદંડીનો માર્ગ .

૪. ઝીણાબાવાની મઢીથી હનુમાનધારા પહોંચતો પગદંડીનો માર્ગ.

૫. માળવેલાથી કાલિકા ટૂંક થઈને દત્તશિખર તરફ આવતી પગદંડીનો માર્ગ.

૬. ઘોરમુખાની ગુફાથી કમંડલુકુંડ તરફ આવતો પગદંડીનો માર્ગ. આ વિસ્તારમાં રાણિયો કૂવો છે.

અમે આ છઠ્ઠા માર્ગ પર ચાલી રહ્યા છીએ. અમારે ગિરનાર પર ચઢવું નથી. પણ ઘોરમુખાની ગુફા સુધી જવું છે.

આખા રસ્તે અડાબીડ જંગલ છે. પારસગિરિ મહારાજની

કુટિયાથી ઘોરમુખાની ગુફા સુધી વૃક્ષો પર કે શિલાઓ પર સિંદૂરની નિશાનીઓ કરેલી છે. આ નિશાનીઓ માર્ગસૂચક સંકેતો છે. આ નિશાનીઓને આધારે આધારે અમે આગળ ચાલીએ છીએ. મોટાં વૃક્ષો, નાના છોડવાઓ લીલું સૂંકુ ઘાસ અને નાના મોટા પથ્થરો સર્વત્ર છે, વૃક્ષોની ડાળીઓ વચ્ચે માંડમાંડ માર્ગ કરતાં કરતાં અમે આગળ વધીએ છીએ. આખરે એકાદ કલાકની ખેપ પછી અમે ઘોરમુખાની ગુફા સમક્ષ પહોંચ્યા. ગુફા પાસે પહોંચીએ તે પહેલાં, ગુફાથી થોડે નીચે એક સાવ નાનું ઝરણું છે. પારસગિરિ મહારાજે મને સમજાવ્યું કે ઘોરમુખાની ગુફામાં રહેનાર સાધક માટે પાણીનો આજ એક માત્ર સ્ત્રોત છે. ઉનાળામાં પણ આ ઝરણું જીવતું રહે છે.

એક ઊંચો પહાડ અહીંથી બે ત્રણ શિખરોમાં વહેંચાયોલો છે. આ શિખરોના સંધિસ્થાનમાં નેપાલીબાબાની ઘોરમુખા—ગુફા છે. અમે ઠીકઠીક ચઢાણ ચઢીને અહીં પહોંચ્યા હતા. નીચે ચારે તરફ અરણ્ય છે. ઉપર ગિરનારનાં શિખરો છે. ગુફાની આજુબાજુ અડાબીડ વૃક્ષો છે. આ ઝાડપાનથી ગુફાનું મુખ લગભગ ઢંકાઈ ગયેલું છે. સાવ નજીક પહોંચીએ ત્યારે જ ખ્યાલ આવે છે કે આપણી સામે જ એક ગુફા છે.

ગુફાના દ્વાર પર જ નેપાલી બાબા બેઠા છે. હાથમાં જપ માળા છે. દાંત વિનાનું તેમનું મુખ અમને જોઇને મલકાયું. કમંડલુકુંડમાં એક વાર દર્શન થયા છે, એટલે અન્યોન્ય ઓળખતાં વાર ન લાગી. બાબાની માળા ચાલુ રહી. માળા પૂરી થઈ એટલે માળાને મસ્તકે લગાડીને બાબાએ માળા નીચે મૂકી, અને અમારી સામે હાથ જોડીને બોલ્યા, ''સીતારામ.'' બાબા રામાનંદી, રામોપાસક સાધુ છે, તેથી તેઓ અભિવાદન માટે



''સીતારામ'' મંત્રનો પ્રયોગ કરે છે. ગુફા એટલી નાની છે કે તેમાં અમે ત્રણે જણ એક સાથે બેસી શકીએ તેમ નથી. તેથી બાબા પોતે જ ગુફાની બહાર આવ્યા. ગુફાની બહાર થોડું ખુલ્લું સપાટ સ્થાન છે. અમે ત્રણે ત્યાં બેઠા.

થોડી પ્રારંભિક વાતો પછી મેં બાબા પાસે તેમની ગુફા અંદર જઇને જોવાની ઈચ્છા વ્યક્ત કરી. બાબા પ્રસંન્ન થઈને બોલ્યા,

''અરે! જરૂર જાઓ. સાધુ સાથે સાધુને અંતરાય ન હોય''

હું ગુફામાં ગયો. ગુફાના મુખ પાસેજ બાબાનું આસન છે. અહીં બેસીને બાબા ભજન કરે છે, અને અહીંજ સૂઇ રહે છે. સામે એક ખૂણામાં અખંડ દીપ પ્રજ્વલિત છે. બાબા લગભગ ચાલીશ વર્ષથી ગિરનારમાં રહે છે. લગભગ તેટલાજ સમયથી આ દીપ અખંડ સ્વરૂપે પ્રજ્વલિત રહ્યો છે. બાબા ગિરનારમાં જ્યાં જ્યાં રહ્યા છે, ત્યાં ત્યાં આ અખંડ પ્રજ્વલિત દીપ તેમની સાથે જ રહે છે. અરણ્યમાં તપશ્ચર્યારત સાધુઓ મોટે ભાગે અખંડ ધૂણો રાખે છે, પરંતુ કોઇક સાધુઓ અખંડ ધૂણાને બદલે અખંડ દીપ પણ રાખે છે. આત્મેશ્વરની બાજુમાં ખ્રિસ્તી સાધ્વી, પ્રસન્નાદેવી રહે છે. તેઓની કુટિયામાં પણ અખંડ દીપક પ્રજ્વલિત રહે છે. ભગવતપ્રાપ્તિની અભીપ્સાની જ્યોત અખંડ સ્વરૂપે રહેવી જોઇએ અને તેની સાથે સાધન—ભજનનો ક્રમ પણ અખંડ સ્વરૂપે ચાલવો જોઇએ. અખંડ ધૂણો કે અખંડ દીપક સાધકને અખંડ અભીપ્સા અને અનવરત સાધનાને જાળવી રાખવાની યાદ આપે છે. ગુફામાં થોડીવાર બેસીને હું બહાર આવ્યો. ગુફા મહદ્અંશે પ્રાકૃતિક છે, પરંતુ તેના લાકડાના દ્વાર માનવરચિત છે.

અમે ત્રણે અન્યોન્ય બહુ પરિચિત નથી છતાં એક પ્રગાઢ આત્મિયતાપૂર્વક સાથે બેઠા છીએ, કારણકે અમે એક જ માર્ગના પ્રવાસી છીએ, અમે એક ધ્યેયને વરેલા છીએ, અમારી અભીપ્સાનું સ્વરૂપ સમાન છે. અમે ભગવાનને નાતે ભાઈઓ છીએ. સાધુઓમાં કહેવત છે—ગુરુભાઇ સગાભાઈથી કમ નથી, અધિક છે.

સામાન્ય રીતે સાધુને તેમના પૂર્વાશ્રમ કે સાધના વિશે પ્રશ્નો પૂછી શકાય નહિ. પરંતુ આ તો સામાન્ય પરંપરા છે. આ પરંપરામાં ક્વચિત છૂટછાટ મળે છે. સાધુ સમાનધર્મા સાધુને મળે ત્યારે પોતાના અંતરંગ જીવનનો ખજાનો પણ ખોલતા હોય છે. નેપાલી બાબાએ પણ અમારી સમક્ષ તેમના અંતરંગ જીવનનોખજાનો ખોલ્યો.

નામ દ્વારા જ સૂચિત થાય છે, તે પ્રમાણે નેપાલીબાબાનો જન્મ નેપાલમાં થયો છે. તેમનો જન્મ જનકપુરથી નજીકના એક નાનાં ગામડામાં થયો છે. બહુ નાની વયથી તેઓ નેપાલ છોડીને ભારતમાં આવી ગયા છે, અને પછી ક્યારેય નેપાલમાં પાછા ગયા નથી. મેં મારી નેપાલની યાત્રાઓ દરમિયાન જોયું છે કે અનેક ભારતીય સાધુઓ નેપાલમાં સાધના માટે રહે છે. જનકપુર અને તેની આજુબાજુના પ્રદેશમાં અનેક ભારતીય સાધુઓ રહે છે. આમાંના મોટાભાગના સાધુઓ રામાનંદી સાધુઓ છે. રામાનંદી, રામોપાસક સાધુઓ માટે જનકપુર એક ખૂબ પવિત્ર સ્થાન ગણાય છે. ભગવતી સીતાજીની આ ભૂમિ તેમને અહીં ખેંચી લાવે છે. જેઓ ભારતમાં રહેતા હોય તેવા રામાનંદી સાધુઓ પણ યાત્રા માટે જનકપુર અને તેની



આજુબાજુના અનેક સ્થાનોમાં જતા હોય છે. આ જ રીતે અયોધ્યાના એક રામાનંદી સાધુ યાત્રા માટે જનકપુર ગયા હતા. તેમની સાથે સાવ નાની વયે ઘરબાર છોડીને આપણા આ નેપાલી બાબા અયોધ્યા આવી ગયા. અયોધ્યામાં જ દીક્ષા ગ્રહણ કરીને તેઓએ સાધુ જીવનનો અંગીકાર કર્યો. આમ નેપાલીબાબાનું ગુરુ સ્થાન અયોધ્યા છે.

થોડાં વર્ષો અયોધ્યાના ગુરુ સ્થાનમાં રહીને તેમણે ગુરુ મહારાજ અને અન્ય સાધુઓ પાસેથી અધ્યાત્મપથની સમજ પ્રાપ્ત કરી. અધ્યાત્મપથની સમજ અધ્યાત્મ સાધનનો પાયો છે. સદ્‌ગુરુ સૌથી પહેલું કાર્ય એ કરે છે કે શિષ્યને અધ્યાત્મ તત્ત્વની, અધ્યાત્મપથની અને સાધન પ્રણાલીની યથાર્થ સમજ મળે. અધ્યાત્મપથ પર સમજની કસર સૌથી મોટી કસર છે. જે ગુરુ શિષ્યની આ કસર દૂર ન કરે તે ગુરુ ભગવાનના દરબારમાં અપરાધી છે. નેપાલીબાબાએ ગુરુસ્થાનમાં રહીને આ કસર પૂરી કરી. સાધન તત્ત્વને સાધનપદ્ધતિ, બંન્ને તેઓ સમજ્યા. રામચરિતમાનસ આદિ રામાનંદી સંપ્રદાયના ગ્રંથોનો પણ તેમણે અભ્યાસ કર્યો છે. ગીતા, ભાગવત, ચંડીપાઠ આદિ પણ કાંઇક જાણે છે.

ગુરુ સ્થાનમાં થોડાં વર્ષો રહીને પછી ભારતનાં તીર્થોના યાત્રા માટે, તેઓ ગુરુ આજ્ઞા મેળવીને એકલા જ નીકળ્યા. યાત્રાના ક્રમમાં ફરતાં ફરતાં તેઓ ગિરનાર સિદ્ધોનું બેસણું છે. સિદ્ધોના પણ ઉપાસ્ય ભગવાન દત્તાત્રેય અહીં ગિરનારમાં બિરાજે છે, તેથી જ તેમનું એક નામ 'ગિરનારી બાબા' છે. આવો સિદ્ધભૂમિ ગિરનાર ભજનાનંદી નેપાલીબાબાને ગમી ગયો

તેઓ અહીં ગિરનારમાં રહી ગયા. અયોધ્યાથી યાત્રાર્થે નીકળેલા નેપાલીબાબા ગિરનારમાં લગભગ આજીવન બેસી ગયા. આ સાધુઓને હું ઓળખું ને! બેસે એટલે આસન ભીડીને બેસી જ જાય!

આ ઘોરમુખાની ગુફા ખૂબ એકાંતમાં છે. પગદંડીના માર્ગથી પણ ઘણી દૂર છે. રસ્તો ઘણો દુર્ગમ છે, અને બહુ ઓછા માણસો આ સ્થાનને જાણે છે. આમ હોવાથી આ સ્થાને ભાગ્યે જ કોઈક માનવી ક્યારેક આવી ચઢે છે. નેપાલીબાબા પણ એટલા નિઃસ્પૃહ અને નિર્ભય પુરુષ છે કે તેમને કોઈ માનવીની આવશ્યક્તા પડતી નથી. આ ભલા સાધુ એકાંતને જીરવી ગયા છે. મેં ભારતની, અને વિશેષતઃ હિમાલયની અનેકવાર યાત્રા કરી છે. અનેક સાધુઓ સાથે તેમની કુટિયાઓમાં, ગુફાઓમાં કવચિત્ વૃક્ષ નીચે પણ હું રહ્યો છું. મારું સ્પષ્ટ તારણ છે કે જે સાધુ સાત્ત્વિક અને સાધનપરાયણ ન હોય તે સાધુ લાંબો સમય સુધી એકાંત સ્થાનમાં રહી શકે નહિ. એકાંત તેને પચે નહિ. નેપાલીબાબા સાત્ત્વિક અને સાધનપરાયણ સાધુ છે, એટલે જ આવા ઘોર એકાંત સ્થાનમાં પ્રસન્નતાપૂર્વક રહી શકે છે.

લોટ, દાળ, તેલ આદિ જીવનજરૂરિયાતો માટે પણ નેપાલીબાબા પોતાનું સ્થાન છોડીને અન્યત્ર જતા નથી. નેપાલીબાબા પોતાના માટે આવશ્યક ખાદ્યસામગ્રી માટે કોઈ પ્રબંધ કરતા નથી. ભગવાનને ભરોસે બધુંજ છોડીને આ સાધુ બેઠા છે! કોઈવાર તો અજબગજબ ઘટના ઘટે છે. નેપાલીબાબા પાસે લોટદાળ સાવ ખલાસ થઈ ગયાં હોય, તે વખતે કોઈ ભક્ત કે સેવક આવી ચડે તો પણ નેપાલીબાબા તેમને પોતાના



મુખથી કહેતા નથી કે લોટ–દાળ ખલાસ થઈ ગયા છે. ભગવાન સુઝાડે અને ભક્ત કે સેવક સામેથી પૂછે અથવા જાતે તપાસ કરીને જાણે કે લોટ–દાળ ખલાસ થઈ ગયા છે, તો તે જરૂરી વ્યવસ્થા ગોઠવે છે, પણ એમ ન બને તો નેપાલીબાબા પોતાના મુખેથી ક્યારેય બોલતા નથી કે અહીં લોટ–દાળ ખલાસ થઈ ગયા છે. આવી છે તેમની ભગવત–નિરર્ભતા, ધૈર્ય અને શ્રદ્ધા. આ સાધુએ ભગવાન ઉપર પોતાની જાતને સાવ છોડી દીધી છે, અન્યથા આટલી ધીરજ શક્ય નથી.

(ક્રમશઃ)

ઈહલોકની તમારી આ યાત્રા કેવળ સ્થૂળ, ભૌતિક બાબતોમાં રાચીને મૃત્યુધર્મને પામવા માટે નથી. પ્રત્યેક જીવાત્મા તેના પોતાના શાશ્વત સ્વરૂપને પામવાના— આત્મસાક્ષાત્કાર પામવાના દિવ્ય પ્રારબ્ધ સાથે જ જન્મે છે. તમારું જીવન ઉચ્ચ મૂલ્યો માટે છે, એ શાશ્વત સંદેશને હંમેશ યાદ રાખો. —કઠોપનિષદ્

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮

મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**❉ કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ ❉**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,

ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧